સંપ્રદાયની સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


ફેબ્રુઆરી - ૨૦૦૮

બે વર્ષ લવાજમરૂ.૧૯૦/-



**"ચરણ સરોજ તમારાં, વંદુ કર જોડી; ચરણે ચિત્ત ધર્યાથી, દુઃખ નાખ્યાં તોડી..."**

શ્રીજીમહારાજના દિગંતમાં પથરાયેલ સોળે ચિહ્ન યુક્ત ચરણારવિંદની સારસા(જી.ભરુચ)ને આંગણે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ કરકમળો દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા










# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૩, અંક :- ૮, તા. ૨૦-૦૨-૦૮

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | | |
|---|---|---|
| બે વર્ષ | : | રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : | રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : | રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : | $ 200 U.S.A. |
| | : | £ 100 U.K. |

:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : amrutdhara2003@yahoo.com


# "વ્હાલા લાગે વાલપના વેણ..."

"...એકવાર ગઢડા મધ્યે શ્રીજીમહારાજ સભામાં બેઠા હતા ને સર્વે સંત હરિજન પણ બેઠા હતા ને એક તરફ ડોશીઓની સભા પણ બેઠી હતી. ત્યારે શ્રીજીમહારાજે ગોપાળનંદ સ્વામીને કહ્યું જે 'તમારામાં જે સમર્થપણું છે તે કહો.' ત્યારે સ્વામી બોલ્યા જે 'આ બ્રહ્માંડને આ પડથી આ પડ કરી નાખું એટલું મારામાં સામર્થ્ય છે.' એ વાત સાંભળી ડોશીઓ બોલ્યાં જે "મહારાજ ! અમે તો ગોપાળાનંદ સ્વામીને અસમર્થ સરખા જાણતાં હતાં ને આ તો બહુ ભારે સામર્થ્ય કહ્યું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે 'એ તો સાક્ષાત્ મૂળ અક્ષરમૂર્તિ છે ને અક્ષરધામમાં અમારી સેવામાં અમારી સમીપે અખંડ રહ્યા છે.'..."

શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૨ : વાત-૭૮

## :: અનુક્રમણિકા ::


૧ શ્રીજીમહારાજના સમકાલીન મહામુક્તો પુરુષોની જન્મતિથિએ ભાવાંજલી સાથે કોટિ કોટિ વંદના... ૦૪
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુ ભગત - સરધાર

૨ જે સ્વામિનારાયણ નામલે છે, તેના બધા પાતક બાળી દે છે... ૦૬
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ યોગમૂર્તિ સ.ગુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો-પ્રશ્નોત્તરી... ૧૨
- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ 'કૃષ્ણ ! તમે કયાં છો...?' ૧૬
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ Sadguru Shree Gopalanand Swami.. ૨૨
*- By:Umang M.Chandan (Dombivli)*

૬ સત્સંગ સમાચાર... ૨૪
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

૭ ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી... ૩૦
- સંકલિત

૮ પૂ. સ.ગુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો... ૩૨
- સંકલિત

શ્રીજીમહારાજના સમકાલીન મહામુક્તો પુરુષોની

# જન્મતિથિએ ભાવાંજલી સાથે કોટિ કોટિ વંદના...

- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુ ભગત - સરધાર



## યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી

**જન્મતિથિ :** સં. ૧૮૩૭ મહા સુદ - ૮, **જન્મસ્થળ :** ટોડલા (જી. સાબરકાંઠા)

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી એટલે સંપ્રદાયમાં સંતોની સોહામણી સુરજમાળના મોભાર સમા સંત, શ્રીજીમહારાજે સ્વધામગમન સમયે એમને પાસે બોલાવી બંને દેશના તમામ સંતો-હરિભક્તોના મોભી બનાવ્યા અને તમામને બંને આચાર્યજી મહારાજશ્રી કહે તેમ વર્તાવવાની જવાબદારી સ્વામીશ્રીને સોંપી. જેમ સમગ્ર દુનિયાભરના અંધકારને નષ્ટ કરવાની જવાબદારી અને કીર્તિ સૂર્યના શિરે છે તેમ સ્વામીશ્રીએ ભગવાન શ્રીહરિ ધામમાં ગયા પછી સંપ્રદાય ઉપર આવેલા અનેકો અંધકારના ઝૂંડને નષ્ટ કરી આ સંપ્રદાયની કીર્તિને ચોમેર ફેલાવી, સર્વોપરી ઉપાસના તો એવી ધરબી કે તે પાયા છેક પાતાળ સુધી પહોંચાડ્યા. સ્વામીશ્રીએ પણ શ્રીજીમહારાજના સ્વધામગમન પછી ૨૨ વર્ષ સુધી આ પૃથ્વી ઉપર પંચભૌતિક દેહ રાખીને સેંકડો ચમત્કારો બતાવી હજારો મુમુક્ષુઓને મોક્ષના અધિકારી કર્યા છે. જેમ આપણા ઋષિમુનિઓ ઝુંપડીની ચાર દિવાલની વચ્ચે બેસી નથી રહ્યા, સમગ્ર વિશ્વમાં ઘુમી વળ્યા હતા. જેથી તો હજારો વર્ષ પૂર્વેની મૂર્તિઓ, મંદિરો બીજા દેશોમાં આજે પણ મળી આવે છે તેમ આ પરોપકારી મહામુક્તરાજ સંતપુરુષે અંતિમ શ્વાસ સુધી સતત વિચરણ કરતા જ રહી, આ સંપ્રદાયમાં આજ્ઞા-ઉપાસના એવી દૃઢ કરાવી છે કે સૂર્યચંદ્ર તપે ત્યાં સુધી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળને ઉની આંચ નહિ આવે.

વ્હાલા ભક્તજનો ! આપણે જ્યારે સંપ્રદાયના નંદસંતોની પ્રથમહરોળના મહાન સંત સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની ૨૨૭મી જન્મજયંતિ ઉજવતા હોઈએ ત્યારે એ સમર્થ સદ્‌ગુરુના શ્રીચરણોમાં નતમસ્તકે પ્રાર્થના કરીએ : "હે સ્વામી ! અમો આપના બાળકો છીએ, આ સંપ્રદાયમાં મુમુક્ષુ બની સાધના કરીએ છીએ, ભગવાન શ્રીહરિ અને આપ રાજી થાઓ એવું કંઈક જીવન બનાવવું છે. અમોને કોઈ જગતસંબંધી સંકલ્પ પજવે નહિ ને જેવી આપને શ્રીહરિજી મહારાજમાં પ્રીતિ છે તેવી જ પ્રીતિ અમોને પણ થાય તેવી પ્રાર્થના સહ કોટિ કોટિ વંદના...



## સત્સંગની 'મા' સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી

**જન્મતિથિ :** સં. ૧૮૧૪ પોષ વદ - ૭, **જન્મસ્થળ :** અમરાપુર (જી. અમરેલી)

લોહી ઉડાડનારના સામે ગુલાલ ઉડાડનાર, અપકારના બદલાને ઉપકારથી આપનાર, બ્રહ્મચર્ય ને વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિ, સામર્થ્ય ને સાધુતાનો સુભગ સમન્વય, સંપ્રદાયના આદ્યકવિ અને વચનામૃત ગ્રંથના સૌપ્રથમ સંગ્રહકર્તા, વચનામૃતના ઉપદેશોને એકઠાં કરી પુસ્તકરૂપે રજૂ કરનાર તેમજ વચનામૃતમાં જેમનાં પોતાના જ ૯૨ પ્રશ્નો છે. અને આપણા ઉદ્ધવી સંપ્રદાયના આદ્યકવિરત્ન, સંપ્રદાયમાં તેમનું સ્થાન માળામાં મેર અને મકાનમાં મોભ સમાન આગવું છે, અને એમની સર્વપ્રથમરચના 'જય સદ્‌ગુરૂ સ્વામી પ્રભુ...' આજે સમગ્ર સંપ્રદાયની અંદર નાના મોટા તમામમંદિરોમાં પણ 'જય સદ્‌ગુરુ સ્વામી પ્રભુ...' અહીંથી નિત્યક્રમનો નિયમ પ્રારંભ થાય અને તેમના જ પદ દ્વારા 'પોઢે પ્રભુ સકળ મુનિ...'થી તેની સમાપ્તિ થાય છે, આ સત્સંગને 'મા' નું પદ સ્વીકારી સાચવ્યો છે-પોષણ કર્યું છે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન અષ્ટકવિઓમાં માળાના મેર સમું સ્થાન ધરાવતા અને અજોડ વક્તા, કુશળ ગવૈયા અને સાધુતાના શણગાર, પ્રખર પાંડિત્ય પરિપૂર્ણ જેમનું આગવું વ્યક્તિત્વ છતાં પણ દાસત્વની મૂર્તિ, સંગીતના બેતાજ બાદશાહ, સાધુતાના શણગાર, પ્રખર પ્રવક્તા અને અચ્છે નૃત્યકાર સ.ગુ. મુક્તાનંદ સ્વામીની ૨૫૦મી (સુવર્ણ દ્વિશતાબ્દી) જન્મજયંતિએ સ્વામીશ્રીના શ્રીચરણોમાં નતમસ્તકે પ્રાર્થના કરીએ : "હે દયામૂર્તિ ! અમારે આ દેહથી સાધુતા સભર જીવન જીવી મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીને રાજી કરવા છે તો આપ તો સાધુતાના દરિયાવ છો, તેમાંથી એકાદ બુંદ સાધુતાનું આપશો તોપણ અમો કૃતકૃતાર્થ બનીશું."



## બ્રહ્મમહોલના કવિ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી

**જન્મતિથિ** :સં. ૧૮૨૮ મહા સુદ -૫ (વસંતપંચમી - તા. ૮-૨-૧૭૭૨) **જન્મસ્થળ** : ખાણગામ(રાજસ્થાન)

શ્રી સ્વામિનારાયણીય સંતકવિઓમાં જેમનું સર્વોચ્ચ સ્થાન છે, શ્રીજીમહારાજના અલૌકિક સત્સંગની ખીલવણી માટે, મહારાજની આજ્ઞાનુસાર પોતાની સાહિત્યિક શક્તિને કીર્તનોમાં સાકાર કરનાર, જેનાં સો કીર્તનો પ્રેમાર્દ સ્વરે નિત્ય ગાનારને પોતાનાં પ્રત્યક્ષ દર્શનનું દાન દેવાનો શ્રીજીમહારાજે પોતાના આશ્રિતોને કોલ દીધો હતો એવા એ કીર્તનોના કર્તા; વડતાલ, જુનાગઢ અને મૂળીનાં મંદિરોની રચનામાં પોતાની કાયા ઘસી નાખનાર એવા સાધુમૂર્તિ, યતિશ્રેષ્ઠ અને ભક્તિનિષ્ઠ કર્મઠ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસ મંડળના એક અનોખા સંતરત્ન. ભગવાન શ્રી સ્વામિનારાયણના નિત્યસખા બ્રહ્માનંદ સ્વામી ગુર્જર સાહિત્ય અને સકલભારતના ભક્તિ સાહિત્યમાં પણ મુઠ્ઠી ઊંચેરો મહિમા ધરાવે છે. 'રાજકવિ, રાજરત્ન, પિંગળ વિદ્યાચાર્ય, સહસ્રાવધાન, શતાવધાન, શીઘ્ર કવીશ્વર' વગેરે ખિતાબોનો યશ પ્રાપ્ત કરનાર અને વસંતપંચમીના શુભદિવસે જન્મલેનાર એ મહાપુરુષ સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીને ૨૩૭મી જન્મજયંતીએ શતશઃ કોટિ કોટિ વંદન...



## વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી

**જન્મતિથિ** :સં. ૧૮૨૨ મહા સુદ -૫ (વસંતપંચમી) **જન્મસ્થળ** : શેખપાટ જી. જામનગર

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંતકવિઓમાં ત્યાગ-વૈરાગ્યના શિખર સમા શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પવિત્ર ભારતની ધીંગી ધરા પર વસંતપંચમીના પરમપવિત્ર દિવસે પ્રગટ થઈ માત્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના કોઈ પણ ખૂણે આધ્યાત્મિકતાને વરેલા મુમુક્ષુઓ માટે તેઓએ આપેલો જે સાહિત્ય સાંસ્કૃતિક વારસો ખરેખર અદ્ભૂત ને અજોડ છે. ૮૨ વર્ષના જીવનમાં ૪૧ વર્ષ સંસારમાં રહ્યા અને ૪૧ વર્ષ ત્યાગાશ્રમમાં રહી સમગ્ર સમાજને પ્રકૃષ્ટ વૈરાગી અને નિર્મોહી વ્યક્તિત્વનું સર્વોત્તમ ઉદાહરણ પુરું પાડ્યું. વિશેષ કરીને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દરેક આશ્રિતોને ઋણી બનાવ્યા છે. એ ઋણમાંથી કંઈક અંશે છૂટવાને માટે આ વસંતપંચમીના પવિત્ર દિવસે આપણે સૌ સાથે મળી એ અનાસક્ત-નિસ્પૃહી તથા બૃહદ વૈરાગ્યના અમર ગાયક, ત્યાગ વૈરાગ્યના નામે સમાજને ઠગનારા દંભીઓને તથા સમગ્ર વિશ્વને ત્યાગ-વૈરાગ્યના નક્કર સત્ય સ્વરૂપને દૃષ્ટિગોચર કરનાર એવા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીના શ્રીચરણે ૨૪૩મી જન્મજયંતી નિમિત્તે હજારો હજાર વંદન કરીએ...



## સમર્પણમૂર્તિ શ્રી દાદાખાચર - ગઢપુર

**જન્મતિથિ** :સં. ૧૮૫૭ પોષ વદ - ૬, **જન્મસ્થળ** : બોટાદ, જી. ભાવનગર

મહામુક્તરાજ શ્રી દાદાખાચરનાનું નામસાંભળતા જ નજર સમક્ષ એક વિશ્વાસ અને સમર્પણનું સાક્ષાત મૂર્તિમંત સ્વરૂપ તરવરી ઉઠે છે. જે મહાપુરુષનો જન્મદિવસ તથા અક્ષરધામગમન દિવસ બંને એકજ હોય. સં. ૧૮૫૭, પોષ વદ - ૬ના શુભ દિવસે જન્મઅને સં.૧૯૦૯ની તેજ તિથિએ અક્ષરધામગમન. માત્ર ૫૨ વર્ષની જૈફવયે અક્ષરધામનિવાસી થયેલા એ મહામુક્તરાજને ૨૦૭મી જન્મજયંતિ પ્રસંગે અને ૧૫૫મી અક્ષરધામગમનતિથિના સમન્વયે સંભારી તેમના ગુણોને યાદ કરી તે ગુણોને આપણે જીવનયાત્રાના સંગાથી બનાવીએ. રૂાજે  તેઓની જન્મજયંતિ તિથિએ અને અક્ષરધામગમન તિથિએ એ મહામુક્તરાજના ચરણોમાં વંદના કરી યાચના કરીએ કે અમોને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પાળવામાં નહિ પણ લોપવામાં શરમઆવે... બસ એજ અભ્યર્થના સહ કોટિ કોટિ વંદના....

# જે સ્વામિનારાયણ નામ લે છે, તેના બધા પાતક બાળી દે છે...

- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**અનુસંધાન 'સ્વામિનારાયણ મહામંત્રનો અર્થસભર મહિમા' વિશેષાંક પેજ નં. ૧૦ ચાલુ...**

વ્હાલા ભક્તજનો ! ગયા જાન્યુઆરી અંકમાં **'સ્વામિનારાયણ મહામંત્રનો અર્થસભર મહિમા'** નામના લેખમાળામાં અવકાશ સીમિત હોવાથી કેટલાક સવિશેષ જાણવા-માણવા યોગ્ય ચરિત્ર પ્રસંગો બાકી રાખવામાં આવ્યા હતા તે અત્રે રજૂ કરવામાં આવ્યા છે. જેની દરેક વાંચક ભક્તજનોએ નોંધ લેવી.

- સંપાદકશ્રી

### મહામંત્રના ભજનથી....
### કેસરાભાઇને કાળાનાગનું ઝેર ઉતરી ગયું !

કચ્છ પ્રાંતમાં દહિસરા નામનું એક ગામ આવેલું છે. તે ગામમાં કેસરાભાઈ નામે હરિભક્ત હતા. તેઓ ખેતીનો ધંધો કરતા હતા. વાડીએ કૂવામાં પાણી હતું તેથી ગામના લોકો પણ કપડાં ધોવા આવતા હતા. તે વાડીમાં એક મોટો કાળો નાગ રહેતો હતો, એટલે ગામના લોકો કહેતા કે-"તમો આ નાગને મારી નાખો; નહિતર તમોને અથવા કપડાં ધોવા આવનાર સ્ત્રીઓને ક્યારેક કરડશે."


ત્યારે કેસરાભાઈએ કહ્યું : "હું હરિભક્ત છું. મારા ઈષ્ટદેવે કોઈપણ જીવની હિંસા કરવાની ના કહી છે; માટે હું નહિ મારું અને મારવા પણ નહિ દઉં."

તેવા સમયમાં એક વાદી (મદારી) આવ્યો. લોકોએ કહ્યું : "આ મદારી નાગને પકડવા આવ્યો છે, માટે તેમને પકડવા દ્યો." ત્યારે કેસરાભાઈએ કહ્યું : "તે નાગને પકડીને લઈ જાય, પછી તેને પુરો ખોરાક ન આપે તેનો દોષ મને પણ લાગે, માટે હું વાદીને નાગ પકડવા નહિ દઉં."આવું સાંભળી વાદી જતો રહ્યો.

પછી એક દિવસ કેસરાભાઈ વહેલી સવારે વાડીએ ગયા અને પાણી કાઢવા માટે કોસ જોડવા ગયા ત્યારે અંધારામાં કંઈ દેખાયું નહિ, તેથી કોસ અંદર હાથ નાખ્યો; ત્યાંતો હાથમાં તે કાળોતરો સર્પ આવ્યો અને એકદમ કરડ્યો. ડંખ વાગતાંની સાથે કેસરાભાઈએ સ્વામિનારાયણ નામનું ભજન શરૂ કરી દીધું અને મંદિરે આવ્યા.

ઘરના લોકોને તથા ગામના લોકોને ખબર પડી તુરંત સર્વે આવ્યા અને કેસરાભાઈને કહેવા લાગ્યા: "જલ્દી ચાલો ફલાણા ગામે જઈને નાગનું ઝેર ઉતારી આવીએ. ત્યાં એક ભૂવો (માતાજીનો ઉપાસક)ઝેર ઉતારીને દોરો બાંધે છે."

ત્યારે તમામ લોકોને કેસરાભક્તે કહ્યું : "મારે કયાંય જવું નથી અને કોઈનો પણ દોરો બાંધવો નથી. સ્વામિનારાયણ ભગવાનને, મને જીવતો રાખવો હશે તો ઝેર ઉતરી જશે, અને ધામમાં લઈ જવો હશે તો ઝેર નહિ ઉતરે. માટે તમો સૌ મારી સાથે ધૂન બોલવા લાગો."



એમકહીને તેઓ ભજનમાં બેસી ગયા અને આજુબાજુના ગામોમાંથી ખબર કાઢવા આવેલા તમામ હરિભક્તોપણ ઊંચા સ્વરથી સ્વામિનારાયણ નામની ધૂન બોલવા લાગ્યા. જેમ જેમ ધૂન બોલાતી ગઈ તેમતેમનાગનું ઝેર ઉતરતું ગયું અને અંતે સારું થઇ ગયું. ! કહો, કેટલો મહિમા છે આ નામમંત્રનો...!!!

### ગઢાળીના હરિભાઈને સર્પનું ઝેર ઊતર્યું !

કાઠિયાવાડમાં ગઢડાની બાજુમાં ગઢાળી નામનું નાનકડું ગામ છે. જ્યાં મહાન પ્રેમીભક્ત આંબાશેઠ થઇ ગયા છે. તે ગામમાં હરિભાઈ નામના એક નિષ્ઠાવાન હરિભક્ત પણ થઇ ગયા છે. તે હરિભાઇએ એક દિવસ ઘરની અંદર પેટી નીચેથી કંઇક વસ્તુ લેવા માટે હાથ લંબાવ્યો. તે સમયે બરાબર ત્યાં નાગ આવેલો તેથી તેમનું મુખ (ફેણ) હરિભાઇના હાથમાં આવ્યું. એકદમપોતાને કોઈકે પકડ્યો છે એમ માનીને ક્રોધીત થઈને નાગે જોરથી ડંખ માર્યો અને ભાગી ગયો.હરિભાઈએ હાથ બહાર કાઢ્યો, ત્યાંતો બરાબર દાઢો બેસી ગયેલી અને ડંખમાંથી લોહી વહેવા લાગ્યું. તુરંત કુટુંબના લોકોને ખબર પડી, તેથી એકદમ સર્પ ઉતારનારને બોલાવી લાવ્યા. પરંતુ હરિભાઈએ કહી દીધું : ''હું બેભાન થઇ જાઉં તોપણ મને દોરો બાંધશો નહિ. તમો સર્વેને મારી ઉપર દયા આવતી હોય તો સ્વામિનારાયણ નામની ધૂન શરૂ કરી દ્યો.'' તુરંત સર્વે લોકો ધૂન કરવા લાગ્યા. તેથી અમુક સમય જતાં ઝેર ઉતરી ગયું.- કહો, કેટલો મહિમા છે આ નામમંત્રનો...!!!

### ખરડના રામબાઇને ઝેર ઉતરી ગયું !

ભાલ પ્રદેશમાં ખરડ-ભાલ નામનું નાનું ગામ છે. ત્યાં ગોવિંદભાઈ દવે નામના બ્રાહ્મણકુળમાં ચુસ્ત સત્સંગી હતા. એક દિવસ તેમની દીકરી રામબાઈ મોઢવામાંથી છાણા લેવા ગઈ. મોઢવામાં અંધારુ હતું તેના કારણે છાણા લેવા જેવો હાથ લંબાવ્યો તેવો જ આખેઆખો કાળોનાગ હાથમાં આવી ગયો ! ભયભીત બનેલા નાગે એકદમદંશ દીધો અને પલાયન થઈ ગયો. ત્યાંતો આડોશી પાડોશીઓ ભેગા થઇ ગયા અને કહેવા લાગ્યાઃ ''જાવ જાવ, જલ્દી મંત્રેલો દોરો લેતા આવો અને રામબહેનને હાથે બાંધી દો, એટલે ઝેર ઉતરી જશે.'' ત્યારે ગોવિંદ ભગતે તેઓને કહ્યું : ''અમો સત્સંગી છીએ તેથી દોરાધાગાને ન બાંધીએ. અમોએ તો ગળામાં કંઠી પહેરી છે એજ અમારે માટે સર્વસ્વ છે. અમોને તમારે સાથ આપવાની ઈચ્છા હોય તો તમો પણ અમારી સાથે સ્વામિનારાયણ ભગવાનની ધૂન કરો.'' એમકહીને ગોવિંદ ભક્ત અને રામબહેન ધૂન કરવા લાગ્યા. તેની સાથે ગામલોકો પણ ધૂન કરવા લાગ્યા, તેથી ઝેર ઉતરી ગયું. કહો, કેટલો મહિમા છે આ નામમંત્રનો...!!!


### સર્પનું ઝેર ઉતરાવવાનો ઈન્કાર !

કાઠિયાવાડમાં લંગાળા નામનું ગામ આવેલું છે. તે ગામમાં આપણા સંપ્રદાયના મહાન ભક્તરાજ દાનભગત થઇ ગયા છે. જેઓને સ્વામિનારાયણ ભગવાને કહ્યું હતું કે-''તમો બન્ને પતિ-પત્ની ગોલોકધામના મુક્તો છો.'' જ્યારથી તેઓને ખબર પડી ત્યારથી બન્ને પતિ-પત્નીએ બ્રહ્મચર્યવ્રત પાળીને સાંખ્યયોગનો સ્વીકાર કર્યો હતો.

એક સમયે દાન ભગતનાં પત્નીને અચાનક સર્પ કરડ્યો તેથી સ્નાન કરી પવિત્ર થઇ બન્ને જણ સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યાં.

"શાસ્ત્રની અંદર ભગવાનના નામનો ઘણો જ મહિમા બતાવવામાં આવ્યો છે. કળિયુગમાં જ્યારે જીવાત્મા મોટા મોટા યજ્ઞ, તપ-વ્રત આદિ ન કરી શકે ત્યારે કેવળ પ્રભુ નામસ્મરણથી, પરમાત્માના ગુણાનુવાદ અથવા ગુણકિર્તન ગાવાથી જીવાત્માને પરમપદની પ્રાપ્તિ થાય છે. ભગવાન શ્રીહરિએ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા બતાવતા એમ કહ્યું છે કે, જો કોઈ મનુષ્ય ભાવે-કભાવે આ મહામંત્રનું સ્મરણ કરે તો તેનું પણ કલ્યાણ થાય છે."

- પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ



આ વાતની ગામના લોકોને ખબર પડી તેથી તેઓએ આવીને કહ્યું : "અમો ઝેર ઉતારનારને બોલાવી લાવીએ."ત્યારે દાન ભક્તના પત્નીએ જવાબ આપ્યો: "શ્રીજીમહારાજની ઈચ્છા હશે તેમથશે. મારો દેહ પડી જાય તોપણ ફાયદો જ છે કારણકે, સર્પ નહિ ઉતરે તો ધામમાં જવા મળશે, તેથી આ લોક કરતાં પણ અનંતગણું ત્યાં દિવ્ય સુખ મળશે અને શ્રીજીમહારાજની પ્રત્યક્ષ સેવા કરવાનો લાભ મળશે; તેમજ મુક્તોનાં દર્શનનો હંમેશાં લાભ મળશે." એમ કહીને ભજન કરવા લાગ્યાં. ત્યાંતો ઝેર ઉતરી ગયું...!!!

## તે મંત્રથી ભૂત-પિશાચ ભાગે...

અમદાવાદમાં બની ગયેલ આ સત્ય ઘટના છે :- કાળુપુર મંદિર નજીક એક હરિભક્ત રહેતા હતા. તેમને એક દીકરો હતો, તે સ્કુલમાં ભણતો હતો. તેમને એક મિત્ર હતો તે વણીકનો પુત્ર હતો. તે બાળક મિત્રની સાથે દરરોજ મંદિરમાં દર્શન કરવા આવતો હતો.

એક દિવસ સભામંડપમાં 'હરિલીલામૃત' અંતર્ગત સ્વામિનારાયણ નામનો મહિમા એક વક્તા સંત કહેતા હતા કે, "સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરવાથી ભૂત મારી શકતું નથી તેમજ પાસે પણ આવી શકતું નથી. જે જે સ્થાનોમાં તે નામનો જપ થાય છે તે તે સ્થાનોમાં રહેતા ભૂત-પિશાચ પણ ભાગી જાય છે; માટે ભય આવે ત્યારે સ્વામિનારાયણ મંત્રનું ભજન કરવું."

આ રીતે નામનો મહિમા ચાલતો હતો તે સમયે પેલા બન્ને મિત્રો દર્શન કરવા આવ્યા. તેઓએ એકાગ્ર મને કરીને આ પ્રસંગ યાદ રાખી લીધો. પછી એક સમયે તેમના શિક્ષકે કહ્યું : "આજે મારી સાથે ઘેર ચાલ." શિક્ષકના કહેવાથી વણીકનો બાળક ગયો. બરાબર સંધ્યા સમયે માસ્તર તે બાળકને લઈ સ્મશાનમાં આવ્યો. સ્મશાનમાં લાવવાનું કારણ એ હતું કે-તે માસ્તર તમોગુણી એવા કાળભૈરવનો ઉપાસક હતો, તેથી નરબલી ચઢાવવા માટે વણીકના બાળકને લાવ્યો હતો.

બાળકને ખીજડાના ઝાડ નીચે ઉભો રાખી પેલાએ મંત્ર પ્રયોગથી કાળભૈરવને બોલાવ્યો ને કહ્યું : "તમારો બલી લાવ્યો છું, માટે તેનો સ્વીકાર કરો." તુરંત કાળભૈરવ બાળક પાસે જવા લાગ્યો. ભૈરવનું ભયાનક સ્વરુપ જોઈને બાળકને અત્યંત બીક લાગી. તેજ સમયે કથાના શબ્દો યાદ આવ્યા, તેથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ બોલવા લાગ્યો. ભૈરવ નજીક આવ્યો ત્યાંતો બળવા લાગ્યો તેથી પાછો ભાગ્યો અને શિક્ષકને કહેવા લાગ્યો: "આ બાળકના મુખમાં ભગવાનનું નામ છે તેથી હું બળું છું, માટે તેને નામ લેવાનું બંધ કરાવ." આ શબ્દો બાળકે પણ સાંભળ્યા તેથી તેને હિંમત આવી ગઈ અને જોરજોરથી નામરટણ કરવા લાગ્યો.

ત્યારે શિક્ષકે ધમકી આપીને કહ્યું : "બંધ કરી દે નામ લેવાનું, નહિતર પરીક્ષામાં નાપાસ કરીશ; સમજ્યો ?" પરંતુ બાળકે જરાપણ માન્યું નહિ અને અખંડ ભજન શરૂ કરી દીધું, તેના કારણે કાળભૈરવ તેની પાસે આવી ન શક્યો. પછી ભૈરવનો સમય પુરો થવા આવ્યો તેથી શિક્ષકને જ પકડીને લોહી ચુસી ગયો અને અદૃશ્ય થઈ ગયો.

આવું ભયાનક દૃશ્ય જોઈને બાળક ગભરાઈ ગયો તેથી સ્વામિનારાયણ નામનો રટણનો તીવ્ર વેગ ઉપડી ગયો અને એકદમ દોડતો દોડતો ઘેર આવ્યો. પરંતુ રટણનો તીવ્ર વેગ તો શરૂ જ હતો, તેથી તેમના માતા-પિતા કાળુપુર સ્વામિનારાયણ મંદિરે લઈને આવ્યાં. પછી દર્શન કરાવી પ્રસાદીનું જળ પાયું તેથી તેણે શાંત થઈને તમામ બીના કહી સંભળાવી. તેથી તેઓએ જાણ્યું કે- "આપણાં બાળકને સ્વામિનારાયણ ભગવાને બચાવ્યો છે." પછી તેઓ સત્સંગી બની ગયા અને મહિમા સહિત ભજન કરવા લાગ્યા...!! આવા તો અનંત પ્રસંગો સ્વામિનારાયણ મહામંત્ર પ્રતાપથી બનેલા છે અને બને છે. તે માટે જ સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ લખ્યુંછે :

**'સ્વામિનારાયણ નામનો રે,**
**શક્કો બેસારિયો આપ-પુરુષોત્તમ પ્રગટીરે ૦**
**શક્કો બેસારિયો આપ-પુરુષોત્તમ પ્રગટીરે ૦**
**એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ-પુ ૦**
**બંધ કિધાં બિજાં બારણાં રે, વે'તી કિધી અક્ષર વાટ-પુ ૦'**

(પુ-પ્રકાશ. પ્ર-૫૫)

## નામ સ્મરણથી અજામિલ ઉદ્ધાર...

ભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં અજામિલ નામના બ્રાહ્મણનો એક ઈતિહાસ પહેલા અધ્યાયમાં આવે છે. તે પ્રસંગને ટૂંકમાં જોઈએ.

કાન્યકુબ્જ નગરમાં અજામિલ નામનો ધાર્મિક બ્રાહ્મણ રહેતો હતો. એક દિવસ અજામિલ વનમાંથી યજ્ઞ માટે લાકડાં લઈને આવતો હતો. તે સમયે તેણે નદી કાંઠે એક વેશ્યાને તથા એક કામી પુરુષને વિહાર કરતાં જોયા. તેને જોઈને અજામિલ કામાતુર થયો. તેથી તેની ઈચ્છા પૂર્ણ કરવા માટે તે વેશ્યાને ઘેર ગયો અને વસ્ત્રાભૂષણો



તેમજ ધન આપીને તેણી સાથે વ્યભિચાર કરવા લાગ્યો. પછી તો પોતાની પત્નીને કાઢી મૂકી વેશ્યાને ઘરમા લાવ્યો અને તમામ સદાચારનો ત્યાગ કરી અનેક પ્રકારનાં પાપો કરવા લાગ્યો. સમય જતાં અજામિલની ઉંમર ૮૮વર્ષની થઈ અને તે વેશ્યાથકી તેને દસ પુત્રો થયા તેમાં સર્વથી નાના પુત્રનું નામ નારાયણ હતું.

અજામિલને નારાયણ પુત્ર બહુ વહાલો હતો,તેથી વારંવાર તેનું નામ લીધા કરતો હતો. તે સમયમાં તે અતિ બીમાર થયો અને અંતકાળે તેને લેવા માટે ભયાનક યમદૂતો આવ્યા. યમદૂતોને જોઈને તે ભયભીત થઈ ગયો, તેના કારણે પોતાના પુત્ર નારાયણનું નામ લઈને બૂમો પાડવા લાગ્યો. તેજ સમયે વૈકુંઠમાંથી ભગવાનના પાર્ષદોએ આવી, યમદૂતો પાસેથી અજામિલને છોડાવ્યો. યમદૂતોએ કારણ પૂછ્યું: ‘‘આટલો બધો મહાન પાપી હોવા છતાં તમોએ અજામિલને કેમ છોડાવ્યો.?’’ ત્યારે વિષ્ણુદૂતોએ કહ્યું: ‘‘અજામિલે કરોડો જન્મોનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી વાળ્યું છે. કેમ કે, તેણે પરાધિન અવસ્થામાં પણ સર્વ કલ્યાણોના આધાર એવા શ્રીહરિના નામનું ઉચ્ચારણ કર્યુંછે.

**‘વિષ્ણોઃ સ્મરણ માત્રેણ મુચ્યતે સર્વપાતકૈઃ’** ‘‘અંત સમયે પરમાત્માનું સ્મરણ કરવાથી પાપીજનો તમામ પાપોથકી રહિત થાય છે.’’ પરંતુ તે સમયે ભગવાનનું નામ યાદ આવવું બહુ કઠિન છે. એટલા માટે જ અત્યારથી નામસ્મરણ શરૂ કરી દેવું જોઈએ. તેથી અંતસમયે યાદ આવી જાય.

આપણે જોઈએ છીએ કે-સ્વાતંત્ર દિને સલામી આપવાની હોય છે, તે માટે અગાઉથી તૈયારી કરાવે છે. સ્કુલોની અંદર બાળકોને અગાઉથી શિક્ષણ આપવામાં આવે છે કે- ‘‘પંદરમી ઓગસ્ટ અને છવ્વીશમી જાન્યુઆરીએ તમારે સર્વેને આ રીતે રાષ્ટ્રધ્વજ સામું જોઈને સલામી આપવાની.’’ ફક્ત એક દિવસના થોડા સમય માટે આટલી તૈયારીઓ કરવી પડતી હોય તો પછી અંતકાળે નામ યાદ લાવવા માટે અત્યારથી તૈયારી કરવી જોઈએ કે નહિ?

હે ભક્તો ! અંતકાળ એ આપણા માટે સ્વાતંત્ર્ય દિન છે અને સલામી તે ભગવાનનું નામ છે. માટે અત્યારથીજ સતત નામ-સ્મરણ શરૂ રાખીશું ત્યારેજ અંતસમયે તે યાદ આવશે.

વિષ્ણુદૂતો કહે છેઃ ‘‘હે યમદૂતો ! શાસ્ત્રજ્ઞ મહાપુરુષોએ વ્રતાદિક જે જે પ્રાયશ્ચિત્તો કહ્યાં છે, તેનાથી પાપી જેવો શુદ્ધ થતો નથી, તેવો હરિના નામનો ઉચ્ચાર કરવાથી થાય છે. કારણકે-પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું હોવા છતાંપણ ફરીથી મન પાપના માર્ગે દોડે છે. માટે પાપકર્મનો સમૂળગો નાશ ઈચ્છતા પુરુષોએ હરિના ગુણાનુવાદરૂપ જ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ; કારણકે તે પ્રાયશ્ચિત્ત ચિત્તને પણ શુદ્ધ કરે છે.

હે યમદૂતો ! પુત્રાદિકના નામે લીધેલું, મશ્કરીમાં લીધેલું, ગાયનના આલાપરૂપે લીધેલું અને અપમાન પૂર્વક લીધેલું હરિનું નામસર્વ પાપને હરે છે.- **‘હરતિ જનાનામ્ પાપં ઇતિ હરિઃ’**

મકાન ઉપરથી નીચે પડતાં, ઠેસ વાગતાં, શરીરને પીડા થાય ત્યારે,

સર્પાદિકના દંશ વખતે, તાવ આદિકના દાહ વખતે, લાકડીથી કોઈ મારતું હોય ત્યારે, (છીંક આવે ત્યારે) અને પરાધીન અવસ્થામાં **'હરિ'** આ પ્રમાણે બોલતો મનુષ્ય નરકની વેદનાને પામતો નથી.

તપ કરવાથી જો કે મનુષ્યના પાપો દૂર થાય છે, કિંતુ અધર્મથી ઉત્પન્ન થનારુ તે તે પાપોનું સંસ્કારરૂપ જે હૃદય છે તે દૂર થતું નથી, તેતો પરમાત્માના સ્મરણથી જ થાય છે.

**'જેમ અખંડ પ્રગટાવેલ દીવો અંધકારનો નાશ કરે છે, તેમ હરિ નામ એમને એમચાલુ રાખવામાં આવે તો બીજા પાપો ફરીને ઉત્પન્ન થતાં જ નથી; જેમ અંખડ દીવો અંધકારને ઉત્પન્ન થવા દેતો નથી તેમ.'**

સો વર્ષોથી રૂમ બંધ હોય તેથી તેમાં અંધારુ હોય, પરંતુ એક દિવાસળી જલાવો, તુરંત અંધકાર નષ્ટ થશે. પરંતુ જો દીપ બુઝાય તો ફરી અંધારુ! તેમ હરિનામ રૂપી દીપ અખંડ શરૂ રહેશે તો અંતઃકરણમાં અજવાળું રહેશે, પરંતુ બંધ થઈ જશે તો ફરીને અંધકાર થઈ જશે. આવો આ ભગવાન શ્રી સ્વામિનારાયણના મંત્રજાપનો મહિમા છે...!

### અત્યારથી જે જપ કરે છે તેનેજ અંતસમે તેની સ્મૃતિ થાય છે...

હે ભક્તો! વર્તમાન સમયમાં જે લોકો પ્રભુનું સ્મરણ કરે છે તેને જ અંતકાળે તે નામ યાદ આવે છે. જે વ્યક્તિએ આખી જિંદગી પ્રભુ નામ ન રટ્યું હોય તેને અંતે નામ લેવડાવવાના પ્રયત્નો કરે છતાંપણ તેઓ નામ લેતા નથી. તે વિષેના પ્રસંગો જોઈએ, સ ગુ અક્ષરાનંદસ્વામીની વાતોને આધારે.

એક કણબી ડોસાનો અંતકાળ આવ્યો હતો. તે ડોસાએ આખી જિંદગીમાં ક્યારેયપણ ભગવાનનું નામ લીધું ન હતું. તેના કારણે તેના પુત્રોને થયું કે -"દાદાનો અંતકાળ આવ્યો છે માટે તેમને મુખેથી રામનું નામ લેવડાવીએ." આવો વિચાર કરી છોકરાઓએ કહ્યું : "બાપા! રામ બોલો રામ, એટલે તમને સદ્ગતિ મળે." ત્યારે ડોસાએ જવાબ આપ્યોઃ "હા દીકરા... હા... લીધું હોય તો જરૂર જીવ ગતે થાય." આવી રીતે જવાબ દીધો પરંતુ નામ ન લીધું.

પછી છોકરાઓએ રામપત્તર લાવીને બતાવ્યું અને કહ્યું : "બાપા! આ શું છે ?" ત્યારે કરમ ફૂટલા ડોસાએ કહ્યું: "ભા દીકરા ! એ તો શકોરુ છે શકોરુ." રામપત્તર ન કહ્યું, કારણકે-રામપત્તર કહે તો રામ ભગવાનનું નામલેવાઈ જાય.

ડોસાના પુત્રો સદ્ગુણી હતા તેથી વિચાર કર્યોઃ "ગમે તેમકરીને દાદાના મુખેથી પ્રભુનું નામ લેવડાવવું છે." પછી તેઓએ કહ્યું: "દાદા! આપણા ખેતરમાં આવીને નુકશાન કરી જતા અને પાક ખાઈ જતા તે કોણ હતા ?" ત્યારે અભાગિયો ડોસો બોલ્યોઃ "એ તો કાળપૂંછાં હતાં કાળ પૂંછાં." પરંતુ હરણ હતાં એમ ન બોલ્યો, કારણ કે તેમ બોલવાથી 'હર' એવું મહાદેવજીનું નામ બોલાઈ જાય.

ત્યાર પછી તે ડોસાનો ખાટલો ખભે લઈને રામજી મંદિરે આવ્યા અને પૂછ્યુંઃ "બાપા ! એ...બાપા ! આ શું છે ?" ત્યારે આસુરી બુદ્ધિવાળો ડોસો બોલ્યોઃ "દીકરાઓ ! મને આં'યા શું કામ લાવ્યા ? એ તો ગામ હોય ત્યાં આવું હોયજ. હાલો હાલો ઘેરે."

આ રીતે અનેક પ્રયત્નો કરવા છતાં ડોસાએ પ્રભુનું નામ ન લીધું.

### સ્વામિનારાયણ બોલવાનું કહ્યું તો પણ...

કાઠિયાવાડમાં ભીંગરાડ નામનું ગામ છે.ત્યાં એક કણબી બીમાર પડયો હતો. તેને જોવા માટે રાજકોટના હરિભક્ત આવ્યા, અને બોલ્યાઃ "પટેલ ! જય સ્વામિનારાયણ." ત્યારે પેલો અભાગિયો ખાટલામાં પડ્યો પડ્યો બોલ્યોઃ "નાકામેળ થયો કે નહિ. ?" ત્યારે હરિભક્તે ફરીને કહ્યું: "પટેલ !હવે વ્યવહારને પડતો મૂકો અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરો." ત્યાંતો ફરીને પટેલ બોલ્યોઃ "નાકામેળ થયો કે એમનો એમ છે ?" આમ બોલતાં બોલતાં મૃત્યુ પામ્યો, પરંતુ નામ ન લીધું. એનું કારણ શું ? યુવાનીમાં કયારેય પણ લીધું ન હતું તે.

### નામન લીધું અને....

કાઠિયાવાડમાં ખુંટવડા નામનું ગામ છે. તે ગામમાં પીતાંબર નામના એક શેઠ હતા. તેઓ મરચાનો વેપાર કરતા હતા. એક સમયમાં મરચાનો ભાવ ઘટી ગયો અને શેઠની આખી વખાર સંપૂર્ણ મરચાથી ભરેલ હતી તેથી શેઠ વિચાર કરવા લાગ્યાઃ "અરે! હવે મરચાને વેચીશ તો ખોટ જશે, અને નહિ વેચું તો તમામ મરચાં બગડી જશે." આવા વિચારો કરતાં કરતાં મરચાંની ચિંતાને કારણે ટેન્સન વધી ગયું અને બીમાર પડી ગયા.

તેવા સમયમાં ગઢપુરથી કોઠારી ભક્તિવલ્લભદાસજી સ્વામી ખુંટવડા પધાર્યા, ત્યારે હરિભક્તોએ સ્વામીને વાત કરીઃ "પીતાંબર શેઠ માંદા છે

માટે તેમને જોવા જઈએ.'' પછી કોઠારી, શેઠના ઘેર આવ્યા અને શેઠને કહ્યું: ''શેઠ ! જય સ્વામિનારાયણ.'' ત્યારે શેઠ બોલ્યા:''સાતમાં બે આના ઓછા હોય તો હોય, આવો મરચાં બહુ સારાં છે લઈ જાઓ, લઈ જાઓ.'' શેઠને એમ થયુંકે કોઈ મરચાં લેવા આવ્યાં છે.

ત્યારે ભક્તિવલ્લભસ્વામીએ કહ્યું : ''શેઠ ! મરચાંને સંભારવાના હવે બંધ કરો અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરો.''

આવું સાંભળીને શેઠ પલંગમાં સુતા હતા ત્યાંથી એકદમ ઉભા થઈ ગયા અને બોલવા લાગ્યા: ''બે આના સારુ શીદને પાછા જાઓ છો ? લઈ જાઓ લઈ.'' આવી રીતે બકવા ઉપડી ગયો. પછી સ્વામી મંદિરમાં આવ્યા, તે સમયમાં બકતાં બકતાં શેઠનું મૃત્યુ થયું. (અક્ષ. વાતો ૧૨૩૮ ના આધારે)

## નામમહિમાનો ઉપસંહાર

આપણે નામસ્મરણનો મહિમા સ્વયં સ્વામિનારાયણ મહાપ્રભુજીના મુખકમળથકી સાંભળ્યો. તે નામનો જપ કરવાથી દહિસરાના કેસરાભાઈને કાળાનાગનું ઝેર ઉતરી ગયું ! એ નામની ધૂન કરવાથી ગઢાળીના હરિભાઈને ખરડ ગામના રામબાઈને અને લંગાળાના દાન ભગતના પત્નીને ઝેર ઉતરી ગયાં હતાં. સ્વામિનારાયણ નામનું રટણ કરવાથી અમદાવાદમાં વણીક બાળક કાળભૈરવના મોતના મુખમાંથી ઉગરી ગયો હતો !

એ નામનો મહિમા સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ તથા આધારાનંદસ્વામીએ મુક્તકંઠે ગાયો છે. મહાપાપી એવો અજામિલ 'નારાયણ'નામ લેવાથી યમદૂતોના કાળપાશ થકી છૂટી ગયો ! કર્મ ફુટેલ ડોસાને અનેક ઉપાયો કરીને નામ લેવડાવવાના ઉપાયો કર્યા છતાંપણ પ્રભુનું નામન જ લીધું, ભીંગરાડના પટેલને 'સ્વામિનારાયણ' બોલવાનું કહ્યું તોપણ ન જ બોલ્યો, ખુંટવડાના પિતાંબરશેઠને ભક્તિવલ્લભસ્વામીએ 'સ્વામિનારાયણ' નામ લેવાનું કહ્યું તોપણ ન જ લીધું, આ પ્રસંગો આપણે સાંભળ્યા, તેમજ નામ-સ્મરણની સર્વોપરીતા મહાભારતમાંથી જાણી.

ગીતાજીમાં સ્વયં શ્રીકૃષ્ણચંદ્રે નામનો મહિમા કહ્યો છે તે પણ જાણ્યો તથા ભાગવતજીમાં પણ વ્યાસજીએ નામજપનો મહિમા લખ્યો છે તે પણ સાંભળ્યો.

રામકૃષ્ણ પરમહંસના મુખથી પણ નામસંકીર્તનનો મહિમા જાણ્યો, ગુરૂનાનકે પણ અતિ મહિમા લખ્યો છે તે પણ સાંભળ્યો. તથા ડોંગરે મહારાજના મુખથકી નીકળેલ નામ-જપનો મહિમા પણ સાંભળ્યો અને અંતમાં એક સંતે કહ્યું કે- ''જે નામનથી લેતા તે મરેલાંજ છે'' તે પણ જાણ્યું.- આટલા બધા પ્રસંગો નામસ્મરણ મહિમાના જાણ્યા ! તો આ પ્રસંગોમાંથી આપણે એ શીખવાનું છે કે, હાલતાં ચાલતાં, ખાતાં-પીતાં, સુતાં-જાગતાં, બેઠતાં-ઉઠતાં, ના' તાં ધોતાં, શુભ-અશુભ સમયે, શુભ-અશુભ ક્રિયામાં, સારા-માઠા પ્રસંગે તેમજ નોકરી ધંધો કરતા હોઈએ ત્યારે સ્વામિનારાયણ ભગવાનનું નામ-સ્મરણ કર્યા કરવું.

'સ્વામિનારાયણ', મહામંત્ર છે. કારણકે સ્વયં અક્ષરાધિપતિ એવા પૂર્ણ પુરુષોતમનારાયણે તે મંત્રનો જપ કરવાનું તેમજ તેનું સંકીર્તન કરવાનું કહ્યું છે તથા તે મંત્રમાં વિશેષતા એ છે કે 'સ્વામિનારાયણ' મહામંત્રની ઉત્પત્તિ પરમાત્માના મુખકમળમાંથી થઈ છે, જયારે બીજા નામોની ઉત્પત્તિ અન્ય સ્ત્રી પુરુષો અને મહાપુરુષોના મુખથકી થઈ છે. તે માટે જ બીજા કોઈ મંત્રનો જપ ન કરતાં **'સ્વામિનારાયણ'**નામનો જ જપ કરવો અને ધૂન પણ તે નામની જ બોલવી-એજ આ ચિંતન વિશેષાંકનું રહસ્ય છે.

## ભગવન્નામમાહાત્મ્ય સહિત-જપવિધિ સારાંશ :

ભગવાન શ્રીહરિ જેમ દિવ્ય અને ચિન્મય (દિવ્યાકૃતિ) છે તેમજ તેમનું નામ પણ દિવ્ય અને ચિન્મય છે. ભગવાન જેમ માયિક ઈન્દ્રિયો, અને અન્તઃકરણથી અગ્રાહ્ય અને અગોચર છે. તેમજ તેમનું નામ પણ દિવ્ય અને ચિન્મય હોવાથી ભૌતિક ઈન્દ્રિયો અને અન્તઃકરણથી સર્વથા અગ્રાહ્ય અને અગોચર છે. આ સંદર્ભમાં શ્રીમદ્‌જીવ ગોસ્વામીજી પોતાના ગ્રંથમાં કહે છે.

ભગવાનના નામ ઉચ્ચારણમાં જો જિહ્વા ઉત્સુક થાય તો ભગવાન સ્વયં કરુણા કરી તેના ઈન્દ્રિયો અને અન્તઃકરણ દિવ્ય કરી નામજપનો અધિકારી બનાવે છે. પછી તો ઉત્તરોત્તર નામજપ પ્રભાવથી ઈન્દ્રિયો અન્તઃકરણની ભૌતિકતા, પ્રાકૃતતા, લૌકિકતા સહજતાથી દૂર થઈ જાય છે. નામજપનો મહિમા શાસ્ત્રોમાં અત્યધિક છે. નામજપનો પ્રભાવ પણ અમોઘ હોય છે. પુરાણનું એક વચન છે કે ભગવાનનાં નામજપમાં પાપને બાળવાની એટલી અદ્‌ભૂત શક્તિ હોય છે કે ગમે તેવો પાપી હોય પણ તે

અનુસંધાન પેજ - ૨૧ પર...

# યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો-પ્રશ્નોત્તરી

- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની મહત્તા સંપ્રદાયમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. સ્વામીના પ્રતાપ અને શ્રીજીમહારાજે તેમના દ્વારા જણાવેલા ઐશ્વર્ય-પ્રભાવથી સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને આબાલ-વૃદ્ધ સર્વે સત્સંગી તથા બિન સત્સંગીઓ પણ જાણે છે. સ્વામીના જીવન-ચરિત્ર અને પ્રભાવનું વર્ણન કરવા બેસીએ તો શ્રીમદ્ સત્સંગિજીવન જેવું મોટું શાસ્ત્ર રચાઈ જાય તેમછે. પરંતુ અત્રે પૂ. વડીલ સંતો દ્વારા જાણવામાં આવેલ એક બે વાક્યથી જ મહિમા સમજીએ તો કહી શકાય કે ''જેમ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ જેવા એક શ્રી સ્વામિનારાયણ ભગવાન જ છે, બીજા કોઈને તેમની ઉપમા ન દેવાય તેમસ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા પણ એક સ્વામી જ છે. તેમકહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.'' સ્વામીની વિદ્વત્તા, ઐશ્વર્ય, જ્ઞાનાંશ એટલું ઉચ્ચકક્ષાનું છે કે વાંચનાર કે વિચારનારને ઘડી બે ઘડી તો જાણે તેમને વિષે ભગવાનપણાની પ્રતીતિ થયા વિના રહે જ નહિ.

આવા અનાદિ અક્ષરમૂર્તિ સમર્થ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ જે સંતો-હરિભક્તો આગળ શ્રીજીમહારાજની રુચિ અનુસાર સંતો-ભક્તોને જે રીતે વર્તવાની વાતો કહેલી હતી તેમને તત્કાલીન સંતો સ.ગુ. શ્રી ચૈતન્યાનંદ સ્વામી વગેરે સંતોએ લખી હતી. જે આજે 'બે પ્રકરણની વાતો' અને 'ત્રણ પ્રકરણની વાતો'ના રૂપમાં સત્સંગમાં પ્રસિદ્ધ છે.

ઉપરોક્ત વાતોને સમજ્યા વિના ભગવાન શ્રીહરિજીના સ્વરૂપનું જ્ઞાન તથા તેમના વાઙ્મય સ્વરૂપ-વચનામૃતને સમજવું ઘણું જ કઠણ છે. તે માટે આ વાતો લોકભાગ્ય બને અને આબાલ-વૃદ્ધ સર્વેને તેનું જ્ઞાન સુગમ થાય તેવા શુભ હેતુથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે પાર્ષદ ખુશાલ ભગત દ્વારા પ્રશ્નોત્તર રૂપે આ વાતોને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના ૨૦૦મી જન્મતિથિએ અત્રે રજૂ કરવામાં આવી છે. તેને વાંચીને સ્વામીની વાતોનો સારાંશ સહજતાથી જીવનમાં ઉતારીએ.

- સંપાદકશ્રી



**પ્રશ્ન : ૧. ઉપાસના કોને કહેવાય ? (વાત-૨)**

**ઉત્તર :** નિરંતર ભગવાનનો સંબંધ રાખવો તેને ઉપાસના કહેવાય.

**પ્રશ્ન : ૨. વાસનાનું જોર કેમનાશ થાય ? દૃષ્ટાંત આપી સમજાવો.**

**ઉત્તર :** ભજનનો કરનારો જે દૃષ્ટા તેને વિષે મૂર્તિને ધારે ત્યારે વાસનાનું જોર નાશ થાય. **દૃષ્ટાંત** :- જેમપંખીનું કાચું ઈંડું કાચું હોય અને તે ફુટે ત્યારે પાણી હોય પણ કાંઈ આકાર રહે નહિં અને ઈંડું પાકું હોય અને ફુટે ત્યારે તેમાંથી બચ્ચું નિસરે તેનો આકાર ટળે નહિં. **સિદ્ધાંત** :- તેમજ દૃષ્ટામાં મૂર્તિ ધારે તેનો ઘાટ તે કાચા ઈંડા સરખો જાણવો. તેનો આકાર રહે નહિં અને જો બાહેર મૂર્તિ ધારે ત્યારે તેનો ઘાટ તે પાકા ઈંડા સરખો જાણવો. તેનો આકાર મટે નહિં.

**પ્રશ્ન : ૩. કેમસમજે તો ભક્તની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે ? અને સર્વ વાસના નાશ થઈ જાય ? (વાત-૩)**

**ઉત્તર :** એમસમજે જે દ્રષ્ટારૂપ જે અક્ષરધામતેમાં ભગવાન સદાય રહેછે અને બાહ્ય જે દર્શન આપે છે તે તો ભક્તનાં ઉપદેશને અર્થે છે. પણ ભગવાન રહ્યા તો દ્રષ્ટાને વિષેજ છે એવી રીતે સમજે તેની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે.

**પ્રશ્ન : ૪. ઉત્તમસવિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને કેમસમજે છે ? તેની સમજણમાં શું દોષ આવ્યો ? તે કહો (વાત ૭) (લો-૧૨)**

**ઉત્તર :** ઉત્તમસવિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને એમસમજે છે જે, ભગવાનને કોઈ દોષ અડતો નથી. કેમજે ભગવાન તો સર્વેનાં કારણ છે તે જીવ જેજે ક્રિયામાં પ્રવર્તે છે તે ભગવાનની અંતર્યામીપણે પ્રેરણાએ કરીને પ્રવર્તે છે પણ તે વિના તો જીવ કાંઈ કરવાને કે ભોગવવાને સમર્થ નથી. તેની સમજણમાં બે દોષ આવેછે :

(૧) સર્વે જીવ પ્રાણીમાત્રને વિષે અંતર્યામીપણે તો મહાપુરૂષ છે. માટે મહાપુરૂષ જેવા પુરૂષોત્તમને જાણ્યા.

(૨) ભગવાન સર્વે જીવપ્રાણીમાત્રને વિષે અંતર્યામી પણે રહ્યા થકા સર્વે વિષય ભોગને ભોગવે છે. માટે ભગવાનને પણ વિષય ભોગવ્યા વિના ચાલતું નથી, એમમાનેછે.

આ બે દોષ ઉત્તમસવિકલ્પ નિશ્ચયવાળા ભક્તની સમજણમાં રહે છે.

**પ્રશ્ન : ૫. કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને કેવા સમજે છે ? તેની સમજણમાં શો દોષ રહે છે ? (વાત-૮) (લો-૧૨)**

**ઉત્તર :** કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને આકાશ જેવા નિર્લેપ સમજે છે. જેમઆકાશને ચાર ભૂતની ક્રિયા અડતી નથી તેમભગવાનને કોઈ દોષ અડતો નથી.

તેની સમજણમાં એવો દોષ રહે છે જે, દેશકાળે કરીને ક્યારેક તેને વૈરાજ પુરૂષની તથા સંકર્ષણની મોટપ કે ઐશ્વર્ય જોઈને તથા શાસ્ત્રમાંથી તેનાં વિષય (ભોગ-સમૃદ્ધિ) ને સાંભળીને તેમાં રાગ જેવું જણાય ને ભગવાન આગળ એ પણ કાંઈક છે એમઘાટ થાય. તે ઘાટને ખોટો કરી નાંખે ને વળી પાછો ક્યારેક ઘાટ થાય. આટલી કચાશ કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળા ભક્તમાં રહે છે.

**પ્રશ્ન : ૬. મધ્યમનિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને કેવા સમજે છે ? તેની સમજણમાં કેવો દોષ રહે છે ? તે કહો. (વાત-૯) (લો-૧૨)**

**ઉત્તર :** મધ્યમનિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને બ્રહ્મરૂપ સમજે ને વૈરાજપુરૂષ તથા મહાવિષ્ણુ આદિક કોટાનકોટિ માયાને વિષે જોડાણા છે તેતો પોતાને રાગે કરીને જોડાણા છે. પણ ભગવાન તો કોઈને માયાને વિષે કે વિષયને વિષે જોડતા નથી. એમસમજે.

તેની સમજણમાં આવો દોષ રહે છે જે, ક્યારેક એને મહાપુરૂષની મોટપ તથા ઐશ્વર્ય જોઈને તથા સાંભળીને એવો સંકલ્પ થાય જે ભગવાનને પણ આવી વિભૂતિઓ છે. તથા તેમનાં વિષયને વિષે રાગ જેવું જણાય તથા સારપ્ય મનાય પછી વળી તે સંકલ્પને ખોટો કરીને ટાળી નાખે. આટલી

કચાશ મધ્યમનિર્વિકલ્પ નિશ્ચયવાળા ભક્તને વિષે રહે છે.

**પ્રશ્ન : ૭ ઉત્તમનિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને કેવા સમજે છે ? (વાત-૧૦)**

**ઉત્તર :** ઉત્તમનિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત એમસમજે જે, મહારાજ તો કોઈને ક્યાંય જોડતા નથી. મહારાજ તો અક્ષરધામને વિષે પોતાનાં એકાંતિક જે ભક્ત તેમને નિરંતર દર્શન આપે છે. પણ પોતાને બીજા કોઈની પાસે કાંઈ કરાવવું નથી અને મહાપુરૂષાદિક જે જે પ્રવૃત્તિ તથા નિવૃત્તિને વિષે જોડાયા છે તેતો પોતાને રાગે કરીને જોડાયા છે. તેને અક્ષરદ્વારે કરીને જોડે છે પણ પોતે તો કોઈને પ્રવૃત્તિને વિષે જોડતાં નથી.

**પ્રશ્ન : ૮ પુરૂષોત્તમનારાયણનો અવતાર પૃથ્વી પર થાય ત્યારે અવતારાદિક પણ આ પૃથ્વી પર શા માટે આવે છે ? (વાત-૧૧)**

**ઉત્તર :** પુરૂષોત્તમનો અવતાર પૃથ્વી પર હોય ત્યારે અવતારાદિક સર્વે અહિં આવીને પુરૂષોત્તમની ઉપાસના દૃઢ કરીને પોતાની ખોટને ટાળવા આવે છે. અને જ્યારે ઉપાસના દૃઢ થાય ત્યારે પોતે જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા જાય છે અને પછી પોતાની આવરદામાં જેટલાં વર્ષ બાકી રહ્યાં હોય તેને પુરાં કરીને પછી ત્યાંથી અક્ષરધામમાં જાય છે પણ આવરદા ભોગવ્યા વિના અહીંથી સીધા અક્ષરધામમાં જઈ શકતાં નથી.

**પ્રશ્ન : ૯ પુરૂષોત્તમનારાયણનો અવતાર પૃથ્વી પર થાય ત્યારે અવતારાદિક પૃથ્વી પર પોતાની સ્વરૂપ-<u>સામાર્થિએ</u> સહિતજ આવે છે કે બીજા રૂપે આવે છે ? (વાત-૧૧)**

**ઉત્તર :** પુરૂષોત્તમનારાયણનો અવતાર પૃથ્વી પર થાય ત્યારે અવતારાદિક સર્વે કાંતો એક દેહને ત્યાં મેલીને બીજે દેહે કરીને આવે છે. અથવા બીજાને પોતાની ગાદી સોંપીને આવે છે.

**પ્રશ્ન : ૧૦ મુક્તનાં કેટલાં ભેદ છે ? પ્રકાર જણાવો. (વાત-૧૨ થી ૧૬)**

**ઉત્તર :** મુક્તનાં છ ભેદ છે. (૧) દીવા જેવા (૨) વિજળી જેવા (૩) ચંદ્રમા જેવા (૪) સૂર્ય જેવા (૫) પ્રલયકાળનાં અગ્નિ જેવા (૬) મહાતેજ જેવા.

**પ્રશ્ન : ૧૧ વિજળી જેવા મુક્તનું લક્ષણ કહો. (વાત-૧૨)**

**ઉત્તર :** વિજળી જેવા મુક્ત હોય તે તો વિષયરૂપી મેઘમાં રહે તો પણ વિષય એને લોપી શકે નહિં, પણ દેશકાળે કરીને ધન તથા સ્ત્રી તેને વિષે એને લોભ જેવું જણાય તથા અહંમમત્વ જેવું જણાય પણ મુકે ત્યારે ન સાંભરે.

**પ્રશ્ન : ૧૨ ચંદ્રમા જેવાં મુક્તનું લક્ષણ કહો. દૃષ્ટાંત આપી સમજાવો. (વાત-૧૩)**

**ઉત્તર :** ચંદ્રમા જેવા મુક્ત છે તેને ગમે તેવા વિષય પ્રાપ્ત થાય તો પણ તેમાં લોભાય નહિં પણ દેશકાળે કરીને ક્યારેક વિષયમાં રાગ જેવું જણાય. પરંતુ પછી તેને જ્ઞાન થાય ત્યારે વિષયને તુચ્છ જાણી ત્યાગ કરી દે છે.

**પ્રશ્ન : ૧૩ સૂર્ય જેવા મુક્તનું લક્ષણ દૃષ્ટાંત આપી સમજાવો. (વાત-૧૪)**

**ઉત્તર :** સૂર્ય જેવા મુક્ત છે તેને તો સુજે તેવાં વિષય પ્રાપ્ત થાય તથા ગમે તેટલી મોટપ મળે તો પણ તેમાં રાગ ન થાય. તથા બંધાય નહિં. પણ કોઈક દેશકાળે કરીને વિષયમાં સારપ્ય જેવું જણાય ને પછી અસત્ય થઈ જાય.

**દૃષ્ટાંત :** જેમસૂર્ય ઉગે ત્યારે રાત્રી ન રહે પણ વાદળાં આડા આવે ત્યારે પ્રકાશ ઢંકાઈ જાય પણ રાત્રી ન કહેવાય તેમ.

**પ્રશ્ન : ૧૪ પ્રલયકાળના અગ્નિ જેવા મુક્તનું લક્ષણ દૃષ્ટાંત આપી સમજાવો. (વાત-૧૫)**

**ઉત્તર :** પ્રલયકાળના અગ્નિ જેવા મુક્ત છે તેને તો એક પોતાનો આત્મા તથા અક્ષર તથા પુરૂષોત્તમએ ત્રણ વિના બીજું કાંઈ પંચ વિષય તથા લોક ભોગ ને સુખ તે કાંઈ ટકી શકે નહિં.

**દૃષ્ટાંત :-** જેમપ્રલયકાળનો અગ્નિ પંચભૂત તથા દેહધારી માત્રનો નાશ કરી નાંખેછે. અને એક પોતે અગ્નિ તથા વાયું તથા આકાશ એ ત્રણ રહે છે પણ બીજું કાંઈ નથી રહેતું તેમ.

**પ્રશ્ન : ૧૫ મહાતેજ જેવા મુક્તનું લક્ષણ કહો. (વાત-૧૬)**

**ઉત્તર :** જેમ મહાતેજનાં પ્રકાશમાં જીવ, માયા ને

ઐશ્વર્યાર્થી એ સર્વે લીન થઈ જાય છે તેમમહાતેજ જેવા મુકતની દૃષ્ટિમાં પુરૂષોત્તમતથા અક્ષર ને અક્ષરના મુક્ત તે વિના માયાનું આવરણ કાંઈ તેની દૃષ્ટિમાં રહેતું નથી.

**પ્રશ્ન : ૧૬ ચોખ્ખી ઉપાસના કેમસમજવી ? (વાત-૧૭)**

ઉત્તર : ચોખ્ખી ઉપાસના એમસમજવી જે 'અક્ષર તથા અક્ષરના મુક્ત તથા પૂર્વે જે જે અવતાર થઈ ગયા છે તથા આગળ થાશે એ સર્વેના અવતારી શ્રીજી મહારાજ છે અને સર્વે અવતાર મહારાજના ભક્ત છે, ને સર્વે અવતારને નિયમમાં રાખનારા પોતે મહારાજ એકજ છે પણ એ વિના બીજા કોઈ નથી એમસમજવું તે ચોખ્ખી ઉપાસના કહેવાય.' એ મોટા સંતનો સિદ્ધાંતછે.

**પ્રશ્ન : ૧૭ કળવું એટલે શું ? (વાત-૧૮)**

ઉત્તર : બીજા અવતાર અને મહારાજની સામર્થી જોવી (તપાસવી) અને બીજા અવતારનાં અવતારી શ્રીજી મહારાજ છે એમજે જાણવું તેને કળવું કહીએ.

**પ્રશ્ન : ૧૮ કહેવું એટલે શું ? (વાત-૧૮)**

ઉત્તર : મોટા એકાંતિક સાધુને ઓળખવા અને તે સાથે હેત કરવું તેને કહેવું કહીએ.

**પ્રશ્ન : ૧૯ રહેવું એટલે શું ? (વાત-૧૮)**

ઉત્તર : મોટા એકાંતિક સાધુની અનુવૃત્તિમાં રહેવું, તેમની સેવા કરવી, ને ભગવાનની આજ્ઞામાં ફેર ન પાડવો ને માથા સાટે સત્સંગનો પક્ષ રાખવો એ આદિક જે જે એકાંતિક સાધુ કહે તેમકરવું તેને રહેવું કહીએ.

**પ્રશ્ન : ૨૦ સર્વે સત્સંગીની સભા બેઠી હોય ત્યારે કોની પાસે બેસવું ? (વાત-૧૯)**

ઉત્તર : સર્વે સત્સંગીની સભા બેઠી હોય ત્યારે તો પર્વતભાઈ જેવા પાસે બેસવું.

**પ્રશ્ન : ૨૧ સત્સંગી તથા સાધુની સભા બેઠી હોય ત્યારે કોની પાસે બેસવું ? (વાત-૧૯)**

ઉત્તર : સત્સંગી તથા સાધુની સભા બેઠી હોય ત્યારે તો ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી જેવા સંત પાસે બેસવું.

**પ્રશ્ન : ૨૨ કેવો પુરૂષ હોય તે ભગવાનનાં સુખને ક્યારેય ન પામે ? (વાત-૨૦)**

ઉત્તર : જે પુરૂષની ઈન્દ્રિયો શબ્દાદિક વિષયમાં આસક્ત હોય તે પુરૂષ ભગવાનનાં સુખને ક્યારેય ન પામે.

**પ્રશ્ન : ૨૩ કેવો પુરૂષ હોય તે કામે કરીને ક્યારેય પણ પડે નહિં ? (વાત-૨૧)**

ઉત્તર : રસનાદિક સર્વે ઈન્દ્રિયોને નિયમમાં રાખે અને રસે રહિત તથા માપે યુક્ત જમે. (બે ભાગ અન્ને કરીને તથા એક ભાગ જળે કરીને પૂરે તથા એક ભાગ ખાલી રાખે) એવો જે પુરૂષ હોય તે કામે કરીને ક્યારેય પણ પડે નહિં.

**પ્રશ્ન : ૨૪ કેવો પુરૂષ હોય તે સત્સંગમાંથી જરૂર પડી જાય ? (વાત-૨૨)**

ઉત્તર : જે પુરૂષમાં બે વાનાં હોય, એક તો જાણીને વીર્યપાત કરે તથા બીજું જે ધન રાખે એવો જે સાધુપુરૂષ હોય તે સત્સંગમાંથી જરૂર પડી જાય.

**શ્ન : ૨૫ ત્યાગી થઈને ધન રાખે તેને કેવું પાપ થાય ? (વાત-૨૩)**

ઉત્તર : ત્યાગી થઈને ધન રાખે તેને દિવસ દિવસ પ્રત્યે હજાર ગાયો માર્યાનું પાપ થાય.

**પ્રશ્ન : ૨૬ પોતાનો સ્વભાવ ટાળવો હોય તેણે શું કરવું ? (વાત-૨૪)**

ઉત્તર : જેને પોતાનો સ્વભાવ ટાળવો હોય તેને પ્રથમતો મોટા સાધુ સંગાથે અતિશે હેત કરવું ને તે સાધુ નિરંતર કઠણ વચન કહેતા રહે તથા પોતે પણ નિરંતર તે સ્વભાવ ઉપર ખટકો રાખે તથા નિરંતર જાણપણામાં રહે તો ધીરે ધીરે સ્વભાવ ટળે, નહિ તો ટળે નહિં.

**પ્રશ્ન : ૨૭ ક્યા બે દોષ જીવમાં રહ્યાં છે ? તે કેમટળે ? (વાત-૨૬)**

ઉત્તર : માન અને કામએ બે દોષ જીવમાં રહ્યાં છે. તે ત્યારે ટળે; જ્યારે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા, પંચભૂત અને પંચવિષય એ સર્વેનો વારંવાર નિષેધ કરે ને નિરંતર આત્મસત્તારૂપે વર્તે ત્યારે ટળે તે વીનાં બીજા કોટિ ઉપાય કરે તોપણ માન અને કામએ બે દોષ ટળે નહિં.

(ક્રમશઃ)

રોજેરોજ સંસ્કૃતિમાતાના રીતસરના ચીવર એક સાથે સેંકડો દુઃશાસનો ઉતારી રહ્યા છે અને તાળીઓના ગડગડાટ સાથે આ દેશનો પ્રજાજન એ દુઃશાસનોને વધાવી રહ્યો છે. ત્યારે આર્તહૃદયથી પ્રભુને પ્રાર્થના કરનાર કોઈક જ વિરલ સંનિષ્ઠ વધ્યો હશે કે જે

**આ દુષ્ટ વાતાવરણથી બચવા પોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરતો હોય : 'કૃષ્ણ ! તમે કયાં છો...?'**



# 'કૃષ્ણ ! તમે કયાં છો...?'

- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આજે ઘણા લોકો સામૂહિક આપઘાતના પંથે જઈ રહ્યા છે. જેમ ધરતી પર ક્યાંય ઘી ઢોળાયું, એની સુવાસ ચારો તરફ ફેલાઈ...

એક કીડી ધસી આવી... ઘી સાથે ચોંટી ગઈ...મરી ગઈ, બીજી કીડી આવી...ચોંટી ગઈ... મરી ગઈ... દસ... વીસ... પચીસ... સો.... બસો... પાંચસો... કીડીના મડદા થઈ ગયા.

વળી, એક કીડી આવી...તેય ધસી..ચોંટી..એ ય મરી ગઈ.

હાય...! આપઘાત! કેવી સામૂહિક હારાકીરી...!

શું કરવા ? અણસમજને લીધે સ્તો, માટે જ કીડી ક્ષુદ્ર જંતુ કહેવાય છે ને ! પણ આ નવા યુગના માનવ-સમાજને થયું છે શું...? ભારે સમજ ધરાવતો માનવ-સમાજ શા માટે આવા સામૂહિક આપઘાતને પંથે વળ્યો હશે...? આ પંથે એણે શી સુવાળપ જોઈ લીધી હશે ?

એક પડ્યો ફેશનમાં... ફેશનમાંથી પડ્યો વહેમમાં... વહેમમાંથી પડ્યો પ્રેમમાં... પ્રણયનો ભોગ થયો... જીવન ઝેર થઈ ગયું, અર્ધપાગલની દશામાં ભટકવા લાગ્યો.

બીજો... ત્રીજો... પાંચમો... પચાસમો... ફેશન... વહેમ... પ્રેમ... પ્રણય... પ્રણયભંગ : જીવનનું ઝેર : પાગલ દશા...

રે...? પણ શું કરવા ?

વીસ વર્ષની એક કુમારિકા...! કપડાની નટખટના ફેશનમાં પડી...પફ પાઉડરના લપેડામાં પડી...યુવાનોના આકર્ષણે અડવાઈ.

ગુમાવ્યુ શીલ... ગુમાવ્યુ નૂર... ગુમાવ્યું હીર... અને તોય... એની બહેનપણી એજ માર્ગે... એના જ પગલે... સહુએ ગુમાવ્યુ...!

જીવન જીવે છે એ બધા... મરવા ખાતર... હસે છે એ બધા... સૂકું-ફીકું દેખાવા ખાતર.

આ ફેશની સોસાયટીએ, ફેશની મિત્ર મંડળોએ, ફેશની પર્યટનો અને પરિસંવાદોએ ન જાણે કેટલા આત્માઓના હીર હણ્યા હશે તોય 'મીસ ઈન્ડિયા' કે



'મીસ યુનિવર્સ' કે 'મીસ વર્લ્ડ' થવું છે.

અયોધ્યા નરેશ મહારાજા દશરથે પાસે આવેલા પવનદેવને વિનંતી કરી હતી કે, "હે પવનદેવ ! તમે આ ધરતી ઉપર ઠીક પડે તેમ ફૂકાજો, પણ એટલું ન ફૂકાજો કે અમારા દેશની નારીઓના સૌંદર્ય પર પરપુરુષોની દૃષ્ટિ પડે."

ભારતીય સંસ્કૃતિનું આ મૂલ્ય હતું : **'લજ્જા.'**

શાસ્ત્રોમાં નારીઓને અસૂર્યમ્પશ્યા કહેવાતી અર્થાત્ સૂર્ય તેના કિરણો વડે નારીના અંગોને અડવા માંગે તોય અડી ન શકે. અરે...! આંખેથી દેખી પણ ન શકે.

આથી જ નારીઓ નરરત્નોનો મબલખ પ્રમાણમાં પાક ઉતારતી.

ફિયાટ ગાડીમાં સંત ડોંગરેજી મહારાજ કાઠિયાવાડના કોઈક ગામમાં જઈ રહ્યા હતા. રસ્તામાં કુતરું આડુ ઉતરતા ડ્રાઈવરે હોર્ન માર્યો, દુર ખેતરમાં ઉઘાડા માથે કામ કરતી નારીએ ગાડીનો હોર્ન સાંભળતા જ ઘુમટો તાણી લીધો (લાજ કાઢી લીધી) આ દ્રશ્ય જ્યારે ડોંગરેજી મહારાજે જોયું ત્યારે તેમનું હૃદય ઝૂમી ઉઠ્યું કે ઓહોહો...શું મારા દેશની સંસ્કૃતિ છે. આ ધરતી ઉપર ખમીરવંતી ગૌરવવંતી આર્યવંતી માતાઓ આજે પણ છે. **'સંભવામિયુગે યુગે'** આ ગીતાજીના શબ્દો તેના ગર્ભમાં સાર્થક થશે. આવી જ મર્યાદાવંતી નારીને કૂખે મહાપુરૂષો જન્મ્યા છે. એના ધાવણે જ ધરતી ઉપર ઈતિહાસો સર્જાયા છે.

જે દેશમાં મુસલમાન રાજા રણમાં રજપૂતોનો કચ્ચરઘાણ બોલાવવા લાગ્યો ત્યારે શીલવંતી પદ્મિનીઓએ શીલની રક્ષા ખાતર 'હર હર મહાદેવ' કહીને અગ્નિમાં ઝંપલાત કર્યો અને એ રીતે પોતાનું સૌંદર્ય પરપુરુષોના હાથમાં જતું રોકી ને શિયળની રક્ષા કરી હતી. એજ દેશની કેટલીક સ્ત્રીઓ આજે શરીરના રૂપ અને સૌંદર્ય પરપુરૂષોને બતાડવાની સ્પર્ધામાં પડી છે ! આ તે કેવી ભયંકર સત્યાનાશી સંસ્કૃતિની....!!

ગામડીયણ સ્ત્રીને ગોરી ક્રિશ્ચિયન બાઈ પુરા ઠાઠઠઠારા સાથે બનવું તેમાં શું આર્યવંતી નારીને આનંદ હોય...? અરે...તીવ્ર આઘાત હોય.

ફેશનના રવાડે આજે શીલસંપન્ન માતા બનવાની પાત્રતા ખોઈને રૂપનો જુગાર ખેલી બેઠી છે. લ્યો કરો વાત...! ગામડાની ગોરાણી, ગરીબડી મમ્મી બફકટ વાળવાળી, ક્રિશ્ચિયન કન્યા તરીકે પ્રગટી છે. લજ્જાના વસ્ત્રો ફેકી દીધા છે. ભારે બહાદુરીપૂર્વક.....! લાજ(ઓજલ)ના બંધનો તોડી-ફોડી નાંખ્યા છે. સસરાદિ વડિલોને પોતાનું મુખ ન દેખાડવું ઓઝલ સભર રહેવું. આ પરંપરાગત બંધનો ! મૂલ્યો અને ગૌરવોને ધોળે દા'ડે ઉભી બજારે હણી નાખ્યા છે... રે ! ત્યાં તો જાણે હોડ બકી છે - સહુએ પહેલા પહોંચવાની.

એકને... બેને.... પાંચને... બસો જણને માઠું ન લાગ્યુ એટલે.... આખા સમાજને માઠું નથી લાગ્યું.

જાગતા.... રે જો રે.. .ઉંઘમાં ઝડપાઈ જવાનું હિચકારું અકાર્ય નહિ થવા દેતા....! નહિ તો મા સંસ્કૃતિની ક્રૂર હત્યા થશે....! 'આભ ફાટયું છે થીગડું ક્યાં દેવું ?...' એવા રાંડીરાંડ ડોશીના મરી ગયેલા મડદા જેવા ગંધાતા વિચારો આપણાથી કદી કરી શકાય નહિ....? કમસે કમ તમારું ઘર તમે બચાવી લો. દુનિયા ક્યાં રવાડે ચડી છે - તે જોશો મા....!

કુરાનમાં નારીને ઓઝલ-પડદામાં એટલા માટે રાખવાની આજ્ઞા કરાઈ છે કે તેની આંગળી પણ પરપુરૂષ જોઈ શકે નહિ. હિન્દુ પ્રજામાં આ બધુ ક્યાં ન હતું....? નારીને **અસૂર્યમ્પશ્યા** ક્યાં નથી કહેવાઈ ? પણ હોય...! બધુ પરવારી ગયું.

મા સંસ્કૃતિ સેંકડો બાણોથી વીંધાઈ છે તે શરશય્યા ઉપર સૂતેલી છે, મરણાન્ત કષ્ટ ભોગવે છે, કણસી રહી છે. તેના જ કપૂત સંતાનોએ તેની આ દશા કરવા બદલ તે આંસુ પાડી રહી છે. કદાચ ટૂંકસમયમાં **'મા'** છેલ્લો દમતોડશે. પછી તેમની ભવ્ય (!) સ્મશાનયાત્રા કાઢવાની બાકી હશે....!

ટાગોરે લોકોને સંસ્કૃતિ-પરિવર્તનની વાતમાં કહ્યું હતું : "તમે આ સંસ્કૃતિ પરિવર્તનના ધંધા બંધ કરો. અમારા તમામ મૂલ્યો જેવા છે તેવા જ સુરક્ષિત છે, સંવર્ધિત છે અને સર્વાંગસુંદર છે. મહેરબાની કરીને તે મૂલ્યોમાં પરિવર્તન કરવા માટે, વિકાસ કરવા માટે, કોઈ માથાકૂટ ન કરો."

આજ વાત જાપાનીઝ ખેડૂત **ફોકુયાઓ**એ કરી હતી. જ્યારે રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે તે ખેડૂત ભારત દર્શન કરવા આવ્યો હતો. ભારતના ઘરોમાં તે ફર્યો હતો. તેણે ભારતની ભાતીગળ સમૃદ્ધિ ગામડાઓમાં, ગામડીયાઓમાં અને અભણોમાં પૂર બહારમાં જોઈ હતી. લોકનૃત્ય, મેળાઓ, હોળીઓ, તહેવારો,

પહેરવેશો, બહુ મર્યાદિત જરૂર પૂરતી શિક્ષણ વ્યવસ્થા માટે ગામઠી શાળાઓ ચોવીસ કલાકનું સ્નેહભર્યું સુખભર્યું, ભર્યું ભર્યું જીવન વગેરે જોઈને તેણે રાજીવગાંધીને કહ્યું : **"તમારા દેશની પ્રત્યેક બાબતો સર્વાંગ સુંદર છે. તેમાં તમે કોઈ નવો ફેરફાર ઘાલો નહિ."** તેમણે એક સૂત્ર આપ્યું : 'Do nothing' - "કયાંય કશો ફેરફાર કરશો નહિ વિદેશીઓથી પ્રગતિના નામે દોરવાશો નહિ, એમાં તમારી અધોગતિ થઈ જશે."

પરિવર્તનીય આજનો બ્યુટીપાર્લર યુગ તો વધુને વધુ વસ્ત્રો અંગ ઉપરથી સરકાવવાની સ્પર્ધાનો ચાલતો નથી પણ આખાને આખા વસ્ત્રો સમસ્ત શરીર ઉપરથી ઉતારી નાંખવાની સ્પર્ધાનો ચાલે છે. આ સ્પર્ધામાં યુવાન અને યુવતીઓ હરણફાળ દોડે છે.

બેશક, આવા કામ સામાન્યતઃ કોલગર્લ કરે છે. તે પણ આજીવિકા રળવા માટે કરે છે. જેને સૂર્યના કિરણો પણ સ્પર્શી શકતા નહિ તેના અંગોપાંગોના ઉઘાડે છોગ આજે ફોટા લેવાઈ રહ્યા છે. યુવાન અને યુવતીઓ સ્વરૂપે ખૂબ ખૂબ સુંદર બન્યા : વિકાશશીલ બન્યા પણ એનું પ્રાણતત્ત્વ-નારીત્વ-શીલ ખતમ થઈ ગયું છે. પેલો 'જીવડો ગયો પણ રંગડો તો રહ્યો' એ મુખાર્મી ભર્યો ન્યાય અહિં જીવંત બન્યો છે.

ફેશની કપડાની પાછળ... લિપ્સ્ટીક પાઉડરની પાછળ... ઘણો પૈસો અને સમય નષ્ટ કરી દેવો એમાં બુધ્ધિમત્તા શું..? શરીરે આપણને 'ચેલેંજ' આપી છે કે હું નિરંતર બદબૂ વહાવીશ. પછી ગમે એટલું મને ધોવાય કે સુગંધિત સેંટ-પાવડર લગાડાય... તો પછી શા સારું પફ-પાવડરની પાછળ ધુમાડો કરવામાં આવે છે.

જેમને ટાઈ બરાબર પહેરવામાં અને શૂટ-પેન્ટ સજજ થવામાં ઘણો સમય જતો હતો - એવા ગાંધીજી આફ્રિકાથી આવ્યા બાદ ભારતદર્શન કરવા નીકળ્યા હતા. તેઓ બિહાર ગયા, ત્યાં જ ઘરની અંદર બેઠેલી ત્રણ બાઈઓમાંથી એકે કહ્યું : **"ભાઈ...! અંદર ન આવશો, અમે ત્રણ બહેનો સાવ નિર્વસ્ત્ર છીએ. ત્રણ વચ્ચે એક જ સાડલો પડદારૂપે બનાવીને ટીંગાડી રાખ્યો છે. એ જ અમારી લાજ છે."**

આ હૃદયદ્રાવક વાક્યો સાંભળી ગાંધીજીને બહુ જ દુઃખ થયું એમની આંખોમાં આંસુ વહેવા લાગ્યા. એમણે તે જ ક્ષણે શૂટ-પેન્ટ અને ટાઈનો ત્યાગ કરીને જીંદગીભર પોતડી અને ખેસ પહેરવાનું નક્કી કર્યું. બસ...તેજ દિવસથી આ હિન્દુસ્તાનને એક મહાત્મા ગાંધી પ્રાપ્ત થયા.

આ દુનિયા તરફ નજર કરતા એક બાજુ કારમી ગરીબી દેખાઈ રહી છે. તો બીજી બાજુ નર્યો બેફામભોગ વિલાસ દેખાઈ રહ્યો છે.

શ્રીમંત યુવાન અને યુવતીઓ, આજે કાળામાથાથી માંડીને પગના તળિયા સુધીના શરીરના માત્ર મેકપ પાછળ ઘણા પૈસાનો ધૂમાડો કરી રહ્યા છે.

પશ્ચિમની સમૃદ્ધિના મેગાટન-બોમ્બે ભારતની અદ્‌ભૂત અને અપૂર્વ શૈલી ઉપર પડીને કેવું સત્યાનાશ વાળી નાખ્યું.

ટાગોરે સાચુ કહ્યું હતુ : **"અમારી સંસ્કૃતિ તેના તે જ સ્વરૂપમાં ખૂબ મહાન છે. તેને તમારી સમૃદ્ધિના વાવાઝોડાની અડફેટમાં મત લો."**

જયારથી આ દેશમાં જેન્ટસ, અને લેડીઝ બ્યુટીપાર્લરો ખૂલ્યા છે ત્યારથી શ્રીમંત યુવાન અને યુવતીઓ જ નહિ, પરંતુ શ્રીમંત શેઠ-શેઠાણીઓ પણ પોતાના ચેહરાને આર્ટીફિશીયલ રીતે ફેસીયલ કરાવવા બ્યુટીપાર્લરોમાં જઈ રહ્યા છે. આજના યુવાન અને યુવતીઓ સૌથી વધુ પ્યાર વાળ ઉપર અને કપડા ઉપર કરે છે. અને તેનાથી એક સ્ટેપ આગળ યુવતીઓ શરીરની ચામડી સાથે ક્રીમ અને લિપ્સ્ટીકાદિ લગાવવા દ્વારા જ્યારે પ્યાર કરી રહી હોય ત્યારે તેને કવિઓ બેધડક થઈને કહે છે :

**'તારી સૂરત બદલાઈ જશે,**
**કંચન કાયા કરમાઈ જશે;**
**જીવનનું હીર હણાઈ જશે,**
**આ રૂપરંગ બદલતી દુનિયામાં;**
**તું એવી ઠોકર ખાઈશ,**
**કે તું આરસી સામું જોઈશ તો**
**આરસી પણ શરમાઈ જશે.'**

નેરોકટ પેન્ટ હોય, માથે વાળ સેટ હોય, ઉપરથી... મગજમેટ હોય, બે બટન ખુલ્લા હોય ને બોલે બંદો દાદો છે. બેસ...હવે.! એક ઉંધા હાથની કોઈકની પડી જશે...તો સાવ સાદો થઈ જઈશ... (!!)

એક યુવાન દોડતો દોડતો જતો હતો. તેને પોલીસે રોક્યો ચોકમાં : "એય! ક્યાંથી આવે છે ?" ત્યારે યુવાને કહ્યું : "સાહેબ દરજીને ત્યાંથી આવું છું." પોલીસ કહે :

"શું છે તારા હાથમાં ?" યુવાને કહ્યું : "નવા કપડા સીવડાવીને આવુ છું, તે કપડા છે." ત્યારે પોલીસે કહ્યું : પણ એમાં તું આટલો બધો દોડે છે શું કામ..!" ત્યારે યુવાન કહે : **"સાહેબ...! ફેશન બદલાઈ જાય એ પહેલા હું કપડા પહેરી લઉં...!** કારણ કે આજનો યુવાન કપડા નથી પહેરતો પણ ફેશન પહેરે છે."

**'હવે તો કાંસકી ને દર્પણ, થયા યુવાન ને અર્પણ;**
**માત્ર ચોળી અને ચણિયા, તણો શણગાર બાકી છે.**
**યુવાનની ચાલ લચકાણી, શિર પર વાળના પટીયા;**
**માત્ર નાજુક પગે ઝાંઝર, તણો ઝણકાર બાકી છે.'**

દિલ્હીના બાદશાહ આરામખંડમાં વિરામ કરતા એ વખતે શાહજાદી જેબુન્નીસા ત્યાં આવી. તેણે ઢાંકાની મલમલ પહેરી હતી. વીંટીમાંથી આખો તાકો નીકળી જાય એટલી એ ઝીણી મલમલ હતી. મલમલનું એકાદ પડ દેહ પર વીંટાળે તો મલમલ જ ન દેખાય શાહજાદીએ એકાદ બે કે ત્રણ નહિ પણ સાત સાત વાર એ મલમલને પોતાના અંગ ઉપર વીંટ્યું હતું. છતાંય અંગોપાંગો દેખાતા હતા. બાદશાહે દીકરી તરફ જોયું ન જોયું ત્યાં પોતાની આંખ ઝટકો મારીને ખેંચી લીધી. ચામર વીંઝતા અંગરક્ષકોને રાડ પાડીને કહ્યું : **"ઉસ લડકી કો ઈધરસે લે જાઓ, વો કોઈ કજાત સ્ત્રી લગતી હૈ, ઉસકો તુરંત જલા દો."** પિતાનો પ્રકોપ જોઈને શાહજાદી બધી વાત સમજી ગઈ. પછી વસ્ત્રો બદલીને પિતાજી પાસે આવીને ક્ષમા માગી.

નારીઓનું સૌથી મોટું દુષણ ઉદ્‌ભટ વેષ છે. નીતિ વાક્ય છે કે, **'એક માણસના રૂપ કરતા નારીના એક ઉદ્‌ભટ વેષ પરિધાનમાં ખેંચવાની એક હજાર ગણી તાકાત હોય છે.'**

જો બીજાઓને કામુક બનાવીને પોતાના તરફ ખેંચવા માટે જ નારી ફેશની વેષમાં છાટકી બને તો તેની શીલ રક્ષા તો ભગવાન પણ ન કરી શકે.

નખશિશ વેષ પહેરે, ખાદી જેવા સામાન્ય વસ્ત્રો પહેરે, પફ, પાવડર, લિપ્સ્ટીકાદિથી બાર ગાઉ દૂર રહે તો તેની સાવ સાદગી તેને ખૂબ ઉગારી લે અને ખાસ કરીને તો બીજાને...!

કહેવત છે કે 'એક નૂર આદમી, હજાર નૂર કપડા' રૂપ કરતા વેષનું આકર્ષણ હજારગણું વધુ હોય છે. તે મારક બને છે.

એટલેસ્તો... **લાડુબા** અને **જીવુબા** લસલસતા સૌન્દર્યને ચીંથરે વીંટીને રાખતા. શ્રીજીમહારાજે લાડુદાન ગઢવીને કહ્યું : "ગઢપુરપતિ એભલખાચરની બંને દીકરીઓ સાદા વસ્ત્રો પરિધાન કરે છે, તે યોગ્ય નથી. તમે જો સમજાવો તો સમજી જશે." લાડુદાન ગઢવી લાડુબા અને જીવુબાને કહે : "ચળકતા વસ્ત્રો પરિધાન કરવા એ તો રાજરાણીઓની શોભા છે." આ શબ્દ સાંભળતા જ લાડુબાએ ચોખાસટ શબ્દોમાં સંભળાવી દીધુ : **"અમે ભૂષાવિભૂષાથી અમારા શરીરોને શણગારીએ અને પરપુરૂષનું મન અમારામાં ખેંચાય તે પાપ કોને લાગશે...? બતાવો."** લાડુદાન ગઢવીથી ચૂંય કે ચાંય થયું નહી પણ આ મુક્તના મુખમાંથી નીકળેલા શબ્દોએ તો લાડુદાન ગઢવી જેવા રાજવી પુરૂષના હૃદયને પરિવર્તન કરી નાખ્યું. પોતાના વેશભૂષા ઉતારી પરમહંસ સંત બની ગયા.

બેશક, આકૃતિ એ સારી વસ્તુ છે. પરંતુ એના કરતા કૃતિ(આચરણ) વધારે સારી હોવી જોઈએ. એ વખતે આકૃતિ ગૌણ બની જાય અને આકૃતિ અને કૃતિ કરતાંય પ્રકૃતિ (સ્વભાવ-વૃત્તિ) સારી હોવી જોઈએ. જો તે પિત્તળ હોય, રોયલ ન હોય તો અતિ સુંદર આકૃતિ કે કૃતિની કોઈ જ કિંમત ન રહે.

રામકૃષ્ણ પરમહંસ કુરૂપ હતા. **વિવેકાનંદ સ્વામી**એ ચાર અમેરિકન શિષ્યોને રામકૃષ્ણ પરમહંસ પાસે મોકલ્યા. રામકૃષ્ણ પરમહંસ ન દેખાતા પાછા ફરેલા અમેરિકન યુવાનોએ વિવેકાનંદ સ્વામીને કહ્યું : "તમારા ગુરુ તો ત્યાં નથી, ત્યાં તો કોઈ કાળો મજુર બેઠો બેઠો સાદડી વણે છે." ત્યારે વિવેકાનંદ સ્વામી આક્રોશમાં આવીને ફટકારતા કહ્યું : **"અંગ્રેજોમાં અને ભારતીયોમાં આજ પાયાનો ફરક છે** કે તેઓ બહાર જુએ છે. અમે ભીતરમાં જોઈએ છીએ. પાછા જાઓ એ જ મારા ગુરુ છે, જેમનું આંતર-સૌન્દર્ય પુર બહાર નીખર્યું છે."

આંતર-સૌન્દર્યની જેને કશી પરવા નથી, બાહ્ય સૌન્દર્યમાં દિનરાત મંડ્યા છે. તેઓ પેલા **રબારી** જેવી બુદ્ધિ ધરાવે છે. કે જે રબારીને નવપરણેતર પત્નિના પગની પાટલી ઉપર કરેલ મેંદીની ડિઝાઈન ખૂબ ગમી ગઈ હતી. આ કારણથી જ તેણે નદી ઓળગંતા પાણીમાં પત્નિનો પગ ન પલળે તે રીતે ઉંચકી લીધી હતી. પરંતુ અધવચ્ચે જ્યારે નદીનું પાણી વધ્યું ત્યારે તે મેંદીની ડિઝાઈન તથા રંગમાં મોહાયેલ પતિએ પત્નિના પગ ખભા પર રાખી મોઢું પાણીમાં જવા દીધું. તેની પત્નિ ગુંગળાઈને મરી

ગઈ; ત્યારે કિનારે ઉભેલા લોકોએ કહ્યું : "ભાઈ ! તેં તો કેટલી બધી મૂર્ખામી કરી, બિચારી પત્નિને જીવતી મારી નાખી." પરંતુ અણઘડ રબારીએ તો પોતાની જાતને બિરદાવતા કહ્યું : "જીવડો ગયો તો ભલે ગયો પણ રંગડો તો રહ્યો ને, જુઓ તો ખરા આ મેંદીનો રંગેલો પગ કેવો સરસ લાગે છે." નથી લાગતું આજે શહેરોમાં જીવડા વગરના ફેશની રંગડાઓના મડદાઓ ભરપૂર છે.

મર્યાદાઓનો ભાંગીને ભુકડો બોલાવી દે તેવો જમાનાવાદનો કાતિલ પવન ફુંકાઈ ચૂક્યો છે. સર્વનાશની આ આંધીમાંથી ભાગ્યે જ કોક સાંસ્કૃતિક જીવનની મર્યાદા ઉગરી હશે. આપણે શું લેવા ગયા ? અને શું ગુમાવ્યું ? ચોપડાનું કોક તો સરવૈયું કાઢો. આ તો **'જીવડો ગયો પણ રંગડો રહ્યો'**ના જેવી અણઘડ રબારીની ન્યાય-નીતિ સર્વમાન્ય બની નથી ને ? ભગવાન જાણે...!

એટલે ગાંધીજી કહેતા કે શહેરોમાં ઈન્ડીયા જોવા મળે છે. અને ગામડાઓમાં અસલી ભારત જોવા મળે છે, ચાલો...આપણે અસલી ભારતનું દર્શન કરીએ આપણા સદ્‌નસીબે હજી એ કયાંક ધબકી રહ્યું છે. કદાચ કાલે તેના દર્શન ન પણ મળે.

અમેરિકામાં વિવેકાનંદ સ્વામીને અમેરિકાના યુવાને પૂછયું : "તમારા ગામડાની સંસ્કૃતિના અને તેના પહેરવેશના તમે ખૂબ કૂદી કૂદીને વખાણ કરો છો પણ આ વખાણ કરવા માટે તમારા પૂર્વજો અહિં કેમ આવ્યા નથી ?"

સ્વામીએ વળતો જવાબ દીધો : "તે વખતે તમારા શરીર ઉપર કોઈ વસ્ત્ર ન હતુ એટલે અમારા પૂર્વજો શરમાઈને ન આવ્યા અને હવે તમે ફેશનના રવાડે થોડા વસ્ત્રો પહેરતા થયા છો એટલે હું આવ્યો છું."

સ્વામી વિવેકાનંદની વેશભૂષા પર મશ્કરીથી હસેલા એક અમેરિકનને એમણે કહેલું : **'In your country tailor makes a man, In our country character makes a man !'** - 'તમારા દેશમાં દરજીઓ માણસની છાપ ઉપસાવે છે, અમારા દેશમાં ચારિત્ર્ય માણસને મહાન બનાવેછે.'

એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે ફેશન કરનારો કદી ફેમસ બની શકતો નથી. ફેમસ તો જેઓ આપણા નંદસંતો-ભક્તો તેમજ ગાંધી બાપુ જેવી સાદગી અપનાવી ગુણવાન બનશે તે જ થઈ શકશે. કોઈ કવિ કહે છે :

**'સાંભળ મારું ગીત, ઓ માનવ !**
**સાંભળ મારું ગીત;**
**તારું ક્યાં ચોટયું છે ચિત્ત,**
**તું સાંભળ મારું ગીત.**
**તું સાંભળ મારું ગીત.**
**તું કહેતો રામાયણ સંભળાવું,**
**કહે તો મહાભારતનો જંગ;**
**દેશના શૂરા સૈનિકોનો ગાવું કસુંબલ રંગ,**
**તું કહેતો તને સંભળાવું કોઈની પાગલ પ્રીત;**
**તોડી, કાફી રાગ મલારો માલકૌંસ સંભળાવું,**
**તું કહેતો રાગ-રાગણી સંભળાવું...તું સાંભળ૦'**

ત્યારે કોઈ સજ્જન પુરુષ તે કવિને કહે છે :

**'રામાયણ તું શું સંભળાવે કરીને શોર બકોર,**
**અનેક રાવણને નજરે ભાળું સીતાજીના ચોર;**
**મહાભારત મંડાઈ ચુકયા છે ખેચાઈ રહ્યા છે ચીર,**
**દ્રૌપદીની લાજ બચાવે છે એવા ક્યાં છે કાનુડા વીર;**
**અડધું ઓઢણું અંગ રહ્યું લાજ જવાની ખચીત,**
**આમાં શું સાંભળું તારું ગીત.'**

ભર રાજસભામાં જ્યારે દ્રૌપદીના ચીવર ઉતરી રહ્યા હતા ત્યારે ભલે દુ:શાસનની એ નાપાક ચેષ્ટાને કોઈ અટકાવી શક્યું ન હતુ પરંતુ એ વખતે સહુની આંખો તો શરમના કારણે નીચે ઝુકી જ ગઈ હતી. આજે ફેર એટલો કે રોજેરોજ સંસ્કૃતિમાતાના રીતસરના ચીવર એક સાથે સેંકડો દુ:શાસનો ઉતારી રહ્યા છે અને તાળીઓના ગડગડાટ સાથે આ દેશનો પ્રજાજન એ દુ:શાસનોને વધાવી રહ્યો છે....

ત્યારે આર્તહૃદયથી પ્રભુને પ્રાર્થના કરનાર કોઈક જ વિરલ સંનિષ્ઠ વધ્યો હશે કે જે આ દુષ્ટ વાતાવરણથી બચવા પોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરતો હોય : **'કૃષ્ણ ! તમે ક્યાં છો ?'**

અનુસંધાન પેજ ૧૧નું ચાલું...

તેટલા પાપ કરવા શક્તિમાન થઈ શકતો નથી.

જેમતૃણપુંજમાં અગ્નિનો તણખલો સ્પર્શતા તૃણપુંજ ભસ્મીભૂત થઈ જાય છે તેમજ નામજપનાં પ્રભાવથી અનંતજન્મના પાપ બળીને ભસ્મથઈ જાય છે.

શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે અજ્ઞાનતાથી અથવા જ્ઞાનથી ભગવાનનું નામલેવાય તો જેમ અગ્નિ કાષ્ઠને બાળે છે તેમજ ભગવન્નામ અનંત જન્મનાં પાપને બાળીને ભસ્મ કરી નાખે છે.

કળિયુગમાં તો પ્રગટ પ્રભુના સમાશ્રય સહિત ભગવન્નામ જ ભવજળનિધિ તારક છે. વ્રત,તપ,તીર્થ, દુષ્કર, દુર્ગમઅને બહુયત્નસાધ્ય છે. પરંતુ નામ તો સુગમસુકર અને સ્વલ્પયત્ન સાધ્ય છે. સત્યયુગમાં જે ધ્યાનથી સિદ્ધિ પ્રાપ્ત થતી હતી. દ્વાપરમાં યજનથી જે સિદ્ધિ પ્રાપ્ત થતી હતી. તે કળિયુગમાં ભગવન્નામનાં સંકીર્તનથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

પ્રાણ પ્રયાણ સમયે ભગવાનનું એક વાર પણ નામ લેવાય જાય તો ભવસિંધુથી મનુષ્ય પાર થઈ જાય છે.

ગજેન્દ્રએ જો ભગવાનનું અનન્યભાવથી નામ લીધું તો તેનું રક્ષણ કર્યું.

દ્રૌપદીએ ભગવાનને અનન્યભાવથી સંભાર્યા તો તેનું કાર્ય પણ ભગવાન શ્રીકૃષ્ણે સિદ્ધ કર્યું.

હનુમાનજીને રામભગવાને રાજ્યાભિષેક સમયે માંગવાનું કહ્યું ત્યારે હનુમાનજીએ કહ્યું : "અગ્નિહોત્રાદિયજ્ઞથી જપયજ્ઞ સહસ્ત્રગુણિત (હજારગણો) શ્રેષ્ઠ છે."

શ્રીમદ્ભગવદ્ગીતાનાં દશમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને કહ્યું છે :-

## જપનાં ત્રણ પ્રકાર છે.

(૧) વાચિક (૨) ઉપાંશુ (૩) માનસ

- વાચિક અર્થાત્ ઉચ્ચારણ સહિત બીજો સાંભળે તેવી રીતે જપ કરવો.

- ઉપાંશુ અર્થાત્ ઓષ્ઠ (હોઠ) નું સ્ફુરણ થાય તેને ઉપાંશુ કહે છે.

- માનસ અર્થાત્ કોઈન સાંભળે હોઠ પણ ન ફફડે અને મનોમન જે જપ થાય તે માનસ જપ કહેવામાં આવે છે.

- જપથી સાધકનું બ્રહ્મતેજ વધે છે

- જપથી મનમાં સંકલ્પવિકલ્પનો વિરામ થાય છે.

- જપથી ભગવાનની સમીપ થવાય છે.

- જપ સર્વસાધનામાં શેખરીભૂત છે.

- જપ એ ભગવાનને પ્રાપ્ત કરવાનું અમોઘ સાધન છે.

**જપના દશ અપરાધો** ગણાવ્યા છે. જેનું ખાસ ધ્યાન જાપકોએ રાખવું ઘટે છે.

૧. ભગવદ્ભક્ત અને સાધુપુરુષોની અવગણના કરવી.

૨. કુપાત્ર અને અસુરજીવ સમક્ષ ભગવાનનાં નામનો મહિમા કહેવો.

૩. શિવ અને નારાયણ(ભગવદ્ અવતાર સ્વરૂપ)માં ભેદબુદ્ધિ રાખવી.

૪. વેદમાં અવિશ્વાસ રાખવો.

૫. સ્મૃત્યાદિશાસ્ત્રમાં અંધશ્રદ્ધા રાખવી.

૬. મહાપુરુષોનાં વચનમાં અવિશ્વાસ રાખવો.

૭. નામમાં અર્થવાદનો (માત્ર રૂચિ જગાડવા ઋષિઓ મહિમા કહે છે તેઓ) ભ્રમરાખવો.

૮. શાસ્ત્રનિષેધનું સેવન કરવું.

૯. શાસ્ત્રપ્રતિપાદિતનો ત્યાગ કરવો.

૧૦. નામજપની અન્ય સાથે તુલના કરવી.

આ દશ અપરાધો ગણાવ્યાં છે.

આપણને "સ્વામિનારાયણ"નામજેવો મહામંત્ર મળ્યો છે એ જેવો બીજો કોઈ મંત્ર નથી. સ્વયં શ્રીમુખે જો કોઈ નામનું પ્રકાશન કર્યું હોય તો તે સ્વામિનારાયણ નામજ છે. સર્વ શ્રુતિ સ્મૃતિનો સાર અને ભગવાનના સમસ્ત નામનો સાર આ મહામંત્રમાં સમાઈ જાય છે.

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે ખરેખર સત્ય જ કહ્યું છે :-

'ષડક્ષરી છે ષટશાસ્ત્રસાર, તેનો ઉતારે ભવસિંધુપાર.'

આ મહામંત્રનો યથાર્થ અર્થ અને મહિમાના અનુસંધાનથી જપ કરવાથી આપણી ચિત્તવૃત્તિ ભગવદ્સ્વરૂપમાં આસક્ત થાય છે, તો આવા આશીર્વાદાત્મક મહામંત્રના એક એક શબ્દાક્ષરના અર્થને જાણીને તેનું યથાર્થ માહાત્મ્ય જાણવા માટે યથાશક્ય પ્રયત્ન કરીએ.

# Greatest of all Saints of SWAMINARAYAN SECT...

# *SADGURU SHREE GOPALANAND SWAMI*

***By:Umang M.Chandan (Dombivli)***

Dear devotees! Sadguru Shri GOPALANAND Swami was born in the savant year 1837[1781AD] on eigth day of the month of maha[*MAHA SUD AATHAM]*at *TODLA VILLAGE* in Gujrat exactly the year Lord Swaminarayan manifested on this earth . He stayed on this earth till savant 1908 [1852AD] about 71 years as the wish of the Lord.

Lord before returning to his ABODE had nominated respectable *GOPALANAND SWAMI* to look after the smooth running of Swaminarayan Satsang under the *ACHARYAS* of *LAXMINARAYAN GADI* of Vadtal and *NAR NARAYAN GADI* of Ahmedabad and make everybody obey the *ORDERS OF ACHARYAS.*

He was one of the *SADGURU SWAMIS* of the *EDITORIAL BOARD* of the *DIVINE VACHNAMRITS* and he was the key figure in propagating the Holy *VACHNAMRITS* of the Lord throughout Gujrat.

His name was *KHUSHAL BHAT* before he became SAINT.As a child Khushal showed several divine facts one of the wellknown fact is, there is a large temple of Lord Krishna which is wellknown as *SHYAMALAJI* at Todla village. Once upon a time when priest of the temple was sleeping including all the villagers,Lord Krishna manifested from the idol of *SHYAMLAJI* and went to the house of KHUSHAL and invited him to play with him on the banks of the river, they both played with each other with great joy as if two best friends play, they were having so much fun that they didn't even noticed that night was converted into early morning and bells of aarti in temple of *SHYAMLAJI* gave warning bell which made lord Krishna rush to the temple. While rushing to the temple in a hurry lord Krishna



misplaced an ornament[ghungru] from his right foot,on the other hand when all villagers came to worship early in the morning they found an ornament from the feet of lord Krishna missing. Then they came to a conlusion that priest of the temple has stolen the ornament and harssed the poor priest and asked him to return the ornament or else they will submit him to the soldiers of the king.Poor priest became very unhappy and started crying and praying in front of the idol of *SHYAMLAJI*. After listening to the innocent prayers of the priest lord Krishna manifested from the idol and said to the priest all the truth which was occurred last night and asked him to go to Khushal and he will find the ornament and you tell all the truth to the villagers and they will consider you innocent,then preist did everything as per the directions of lord Krishna and the villagers were very much surprised that a little boy is so much a devotee that lord Krishna himself goes to play with him these was the incident when KHUSHAL was only a child he showed several other divine facts after he became famous as *GOPALANAND SWAMI so let us see some other divine facts.*

Hemraj Shah , the famous VAID was initiated as the satsangi by *GOPALANAND SWAMI.* Vaid was very much convinced to find the total nerves and the heartbeats of Swami to stand still and he was found talking very normally. Hemraj considered swami to be the God as no one else could do that.

*GOPALANAND SWAMI* empowered the image of Hanumanji dev at Sarangpur and when he found Hanumanji in full action and very powerful, he ordered him to cool down and stay to his limitations. *ACHARYA SHRI RAGHUVIRJI MAHARAJ of Vadtal Diocese* ceremonised it in savant year 1895[1849 A.D].The *KASTBHANJAN DEV of Sarangpur* became the very effective center for eradicating *evil spirits, Ghosts and Demons who bothered the persons in abundance.* GOPALANAND SWAMI had the very powerful stick which is still present at Sarangpur and many demons also say that we are not afraid of this *HANUMANJI* BUT WE ARE AFRAID OF *THE STICK OF GOPALANAND SWAMI they even say that we are getting burnt when the stick is only brought near to us.*

The blessings of *Gopalanand swami* worked very well. He cured several ill persons by just touching his hand or by giving them holy water. He also put persons under *TRANCE [Samadhi] as per his wish.* He was capable of bringing *rain during draught period. The God of Wind and The God of Sun also obeyed him once he even stopped solar eclipse, he had awakened people from deathbed. " HE SHOWED MANY OTHER SUPERNATURAL POWERS WHICH MADE HIM LOOK SUPERIOR THAN OTHER INCARNATED BIRTHS OF GOD."*

*Dear devotees! The above fewer incidents make us think that if, Gopalanand swami is so powerful then the ISTDEV OF GOPALANAND SWAMI, to whom Gopalanand swami worships and has gained all the powers from; The one and only LORD SWAMINARAYAN will be how much powerful?*

*...JAY SWAMINARAYAN...*



# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## વડોદરામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ ભવ્ય શાકોત્સવ

સદ્. મુક્તાનંદ સ્વામીએ ત્રણસો ત્રણસો વિદ્વાનોને પરાસ્ત કરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો દિગ્વિજય પ્રસિધ્ધ કર્યો તેવા વડોદરા શહેરને આંગણે તા. ૧૩-૦૧-૦૮ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં માસિક સત્સંગ સભા અને ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વડતાલથી પૂ. ઘનશ્યામ સ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો-ભક્તોના પ્રાસંગિક પ્રવચનો બાદ શાકોત્સવમાં પધારેલ ભાવિક ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## ઉતરાજને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

વડોદરા જિલ્લાના ઉતરાજ ગામખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૧૩-૧-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વડતાલથી પૂ. ઘનશ્યામ સ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો પધારી કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## આણંદમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રીઓ

તા. ૨૦-૧-૦૮ના રોજ આણંદ ખાતે શ્રીજીમહારાજના પ્રાસાદિક શ્રી રોકડીયા હનુમાનજીના મંદિરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજે ૭.૦૦ કલાકે સભા મંચમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા હતા. સૌપ્રથમતેઓશ્રીનું પૂ. સંતો તેમજ આગેવાનભક્તજનો દ્વારા પુષ્પમાળા પહેરાવીને સ્વાગતપૂજન કરવામાં આવ્ય હતું. ત્યારબાદ પધારેલ પૂ. સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનો ઉપર આશીર્વાદ આપતા કહ્યું : 'ધર્મ હંમેશા સદાચાર શીખવે છે, ધર્મ હંમેશા સંસ્કાર આપે છે. આપણે પણ જો તે સંસ્કારને અનુરૂપ બનીશું તો આપણા બાળકો પણ સંસ્કારી બનશે. પરંતુ જો એ સંસ્કારને જીવનમાં અપનાવશું નહિ તો આપણે જોઈ શકીએ છીએ કે આજના બાળકો-યુવાનો માતા-પિતાને દૂર ધકેલી દેતા જણાય છે. આ બધી પરિસ્થિતિઓ ધર્મ અને સંસ્કારના અભાવે સર્જાતી હોય છે. માટે દરેક ભક્તજનોને અમારો અનુરોધ છે કે જીવનમાં ભગવાન શ્રીહરિની આજ્ઞાનું સતત અનુસંધાન રાખજો.'

આ પ્રસંગે ગઢપુર, વરજાંગ જાળિયા, વડતાલ વગેરે ધામોથી સંતો પધારી કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં સૌ કોઈ ભક્તજનોએ શાકોત્સવના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## વડેરામાં યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરનું ખાતમુહૂર્તવિધિ

અમરેલી જિલ્લાના વડેરા ગામને આંગણે તા. ૨૪-૧-૦૮ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમા નૂતન મંદિરનું 'ખાતમુહૂર્તવિધિ' રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સવારે ૯-૦૦ કલાકે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમતેઓશ્રીનું વડેરા તેમજ આજુબાજુ વિસ્તારના ભક્તજનો દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવનિર્માણ પામનાર મંદિરની નિજ જગ્યાએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીના ષોડશોપચાર પૂજન સાથે ભૂમિપૂજન કરીને મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભાસ્થાનમાં પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. પૂ. સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા અર્પણ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. એસ.પી. સ્વામી, પૂ. જ્ઞાનપ્રકાશાનંદજી સ્વામી - ગઢપુર, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, પૂ. જ્ઞાનવલ્લભ સ્વામી - સરધાર, પૂ. ગોપાલમુનિ સ્વામી - અમરેલી વગેરે સંતોના પ્રાસંગિક પ્રવચનો બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારેલ ભક્તજનોને મંદિરના માહાત્મ્ય સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## વરજાંગ જાળિયામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ ભવ્ય શાકોત્સવ

જ્યાં શ્રીજીમહારાજે એક માસ સુધી મંદવાડ ગ્રહણ કર્યો હતો તેવા ઉપલેટા તાલુકાના વરજાંગ જાળિયા ગામને આંગણે તા. ૨૪-૦૧-૦૮ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં નવનિર્માણ પામી રહેલ શિખરબધ્ધ મંદિરના ઉપક્રમે 'ભવ્ય શાકોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમતેઓશ્રીનું પૂ. સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા અર્પણ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી મંદિરના મહંત પૂ. પુરાણી સ્વામી, પૂ. ઘનશ્યામ સ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો-ભક્તોના પ્રાસંગિક પ્રવચનો બાદ શાકોત્સવમાં પધારેલ ભાવિક ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## ગણેશગઢ ગામને આંગણે યોજાયેલ નૂતન મંદિરનો ખાતમુહૂર્તવિધિ

અમરેલી જિલ્લાના ગણેશગઢ ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ખાતમુહૂર્તવિધિ મહોત્સવ તા. ૨૫-૧-૦૮ના રોજ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અમરેલીથી સરધારથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પોતાના સંતમંડળ સહિત પધાર્યા હતા. સવારે શુભ મુહૂર્તમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નૂતન મંદિરનું ખાતમુહૂર્ત પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. સ્વામી અને સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ખાતમુહૂર્તવિધિ બાદ પૂ. સ્વામીએ સત્સંગ કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને ધન્યભાગી બનાવ્યા હતા. અંતમાં સૌ ભક્તજનો ઠાકોરજીનો મહાપ્રસાદ ગ્રહણ કરીને છૂટા પડ્યા હતા.

આ નૂતન મંદિરનું બાંધકામપ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે કરવામાં આવશે.

## મુંબઈ શહેરના ડોંબીવલીને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

વડોદરા જિલ્લાના ઉતરાજ ગામખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૨૬-૧-૦૮(પ્રજાસતાક દિન)ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંદિરમાં ઠાકોરજીની સેવામાં રહેતા અને સંગીતનો અભ્યાસ કરતા એવા પૂ. સ્વામીશ્રીના શિષ્યવૃંદ પૂ. સંતો દ્વારા કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## કોલિયાદમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી વડોદરા જિલ્લાના કોલિયાદ ગામને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ દ્વારા તા. ૨૩-૦૧-૦૮ થી તા. ૨૯-૦૧-૦૮ સુધી સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'નું અ.નિ. પૂ. પુરાણી સ્વામી શ્રી જગતપ્રકાશદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શાંતિપ્રસાદદાસજીના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા. ૨૮-૦૧-૦૮ના રોજ વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીનું પૂ. વક્તાશ્રી તથા પૂ. વડિલ સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. એસ. પી. સ્વામી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

## સુણાવમાં યોજાયેલ દેવોના વાર્ષિક પાટોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

આણંદ જિલ્લાના સુણાવ ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી મંદિરમાં વિરાજમાન અર્ચા સ્વરૂપ ઠાકોરજીના દ્વિતીય પાટોત્સવનું ૨૭-૧-૦૮ થી ૨૯-૧-૦૮ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત પરચા પ્રકરણ કથા સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શિષ્ય પૂ. સ્વામી નિષ્કામસ્વરૂપદાસજીના વક્તાપદે રાખવામાં આવી હતી.

તા. ૨૯-૧-૦૮ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમતેઓશ્રીનું ભવ્ય શોભાયાત્રા કાઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીના વાર્ષિક પાટોત્સવની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી.

ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભાસ્થાનમાં પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. પૂ. સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા અર્પણ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. પુરાણ સ્વામી - વરજાંગ જાળિયા, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, પૂ. સર્વમંગલ સ્વામી - વડતાલ વગેરે સંતોના પ્રાસંગિક પ્રવચનો બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારેલ ભક્તજનોને મંદિરના માહાત્મ્ય સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અંતમાં સૌ ભક્તજનો ઠાકોરજીનો મહાપ્રસાદ ગ્રહણ કરીને છૂટા પડ્યા હતા.

## ચિતલને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

અમરેલી જિલ્લાના ચિતલ ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૩૧-૧-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમરેલીથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, બગસરાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી વગેરે સંતો પધારી કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## પલોલમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ ભવ્ય શાકોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પલોલ ગામખાતે પૂ. વકીલ સ્વામી (વડતાલ)ના માર્ગદર્શન પ્રમાણે તા. ૨૮-૧-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડતાલથી પૂ. પુરાણ સ્વામી - વરજાંગ જાળિયા, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, પૂ. સર્વમંગલ સ્વામી - વડતાલ વગેરે સંતો-ભક્તોના પ્રાસંગિક પ્રવચનો બાદ શાકોત્સવમાં પધારેલ ભાવિક ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## ખાંધલી ગામને આંગણે યોજાયેલ દિવ્ય સત્સંગ સભા

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૦૧-૦૨-૦૮ના રાજ પ.ભ. અ.નિ. શ્રી છોટાભાઈ શિવાભાઈ પટેલની વાર્ષિક પૂણ્ય સ્મૃતિમાં તેમના સુપત્રો શ્રી કમલેશભાઈ તથા મહેશભાઈ અને પરીવાર દ્વારા ખાંધલી ગામને આંગણે ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સવારના ૯.૦૦ કલાકે યોજાયેલ સત્સંગ સભામાં સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા વડતાલથી પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો પધારી કથા-વાર્તાનો અમુલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાની સમાપ્તિ બાદ પધારેલ સહુ કોઈ ભક્તજનોને શ્રી કમલેશભાઈ તથા મહેશભાઈ તરફથી મહાપ્રસાદ ગ્રહણ કરાવ્યો હતો.

## ધોરાને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

આણંદ જિલ્લાના ધોરા ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૦૧-૦૨-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંજના ૪.૦૦ કલાકે યોજાયેલ સત્સંગ સભામાં સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા વડતાલથી પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતો પધારી કથા-વાર્તાનો અમુલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## વસોને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

ખેડા જિલ્લાના શ્રીજીમહારાજના ચરણારવિંદથી પ્રાસાદિક થયેલ વસો ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૦૨-૦૨-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંજના ૪.૦૦ કલાકે યોજાયેલ સત્સંગ સભામાં સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પોતાના સંતમંડળ સહિત પધારી કથા-વાર્તાનો અમુલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## તરસાડી-કોસંબામાં યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરનું ખાતમુહૂર્તવિધિ

સુરત જિલ્લાના તરસાડી-કોસંબા ગામને આંગણે તા. ૦૪-૨-૦૮ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમા નૂતન મંદિરનું 'ખાતમુહૂર્તવિધિ' રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સવારે ૯-૦૦ કલાકે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમતેઓશ્રીનું શોભાયાત્રા કાઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવનિર્માણ પામનાર મંદિરની નિજ જગ્યાએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીના ષોડ્શોપચાર પૂજન સાથે ભૂમિપૂજન કરીને મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભાસ્થાનમાં પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા અર્પણ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, પૂ. દિવ્યસ્વરૂપ-દાસજી સ્વામી - સરધાર, પૂ. ઘનશ્યામ સ્વામી - રઘુવીરવાડી, પૂ. જ્ઞાનવલ્લભ સ્વામી - સરધાર, વગેરે સંતોના પ્રાસંગિક પ્રવચનો બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારેલ ભક્તજનોને મંદિરના માહાત્મ્ય સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અંતમાં સૌ ભક્તજનો ઠાકોરજીનો મહાપ્રસાદ ગ્રહણ કરીને છૂટા પડ્યા હતા.

આ નૂતન મંદિરનું બાંધકામપ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે કરવામાં આવશે.

## અમદાવાદને આંગણે ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

અમદાવાદ - બાપુનગર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૦૪-૦૨-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંજના ૭.૦૦ કલાકે યોજાયેલ સત્સંગ સભામાં સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પોતાના સંતમંડળ સહિત પધારી કથા-વાર્તાનો અમુલ્ય લ્હાવો આપ્યો હતો.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## બીલીમોરામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય યોજાયેલ ભવ્ય શાકોત્સવ

નવસારી જિલ્લાના બીલીમોરા શહેર ખાતે તા. ૯-૨-૦૮ના રોજ તૈયાર થઈ રહેલ નૂતન મંદિરના સત્સંગ હોલમાં સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સરધારથી પધારેલ પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, વગેરે સંતો-ભક્તોના પ્રાસંગિક પ્રવચનો બાદ શાકોત્સવમાં પધારેલ ભાવિક ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાવેલા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## ઘાટકોપરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા



મુંબઈ. ભારત દેશના અનેક મહાનગરોમાં આ નગરને આર્થિક રીતે સદ્ધર માનવામાં આવે છે. આ માયાનગરીમાં દેશ-વિદેશના લાખો લોકો પોતાનું નસીબ સુખકારી અજમાવવા આવતાં રહે છે. ફેશન-વ્યસનની ઝાકમઝાળ વચ્ચે સત્સંગના યોગ વિના સુસંસ્કારી રહેવું તે અતિ કઠણ છે. તે ન્યાયે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પથી દર બે માસે મુંબઈના અલગ અલગ વિસ્તારોમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન ત્યાં વસતાં હરિભક્તો દ્વારા કરવામાં આવે છે અને હજારો ભક્તો ભેગાં થઈને પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પૂ. સંતોની દિવ્ય અમૃતવાણી-દર્શનનો લાભ લઈ આ માયાવી નગરીના પાશથી બચવા સતત પ્રયત્નશીલ રહે છે.

ઉપરોક્ત હેતુના અનુસંધાન સાથે અને સત્સંગના ક્રમપ્રમાણે તા. ૧૦-૦૨-૦૮ના રોજ મુંબઈનગરીના ઘાટકોપર ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા રાખવામાં આવી હતી.

સાંજે ૪.૦૦ કલાકે સૌપ્રથમ ઘાટકોપરના વલ્લભબાગ વિસ્તારથી સત્સંગ સભા સ્થાન ગુરુકુલ ટેકનીકલ હાઈસ્કુલ હોલ સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા વિશાળ જનસમુદાયની સાથે કાઢવામાં આવી હતી. ત્યારબાદ દ્વિમાસિક સત્સંગ સભા મંચમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, પૂ. કોઠારી સ્વામી - મલાડ અને મુંબઈ શહેર અગ્રણી અને પ્રતિષ્ઠિત ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પૂ. વડીલ સંતો-ભક્તોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને શિક્ષાપત્રી-ગ્રંથનો ખૂબજ મહિમા સમજાવીને દરેક ભક્તોને વસંતપંચમીના શુભ દિને શિક્ષાપત્રીના પાંચ-પાંચ પાઠ કરવાની આજ્ઞા કરી હતી. અમૃતવાણી સમાપ્તિ બાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

અંતમાં ઠાકોરજી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારી સભાની સમાપ્તિ કરવામાં આવી હતી. પછી સહુ ભક્તજનો ઠાકોરજીનો મહાપ્રસાદ આરોગી છૂટા પડ્યા હતા.

## ડોંબવલી (મુંબઈ)માં યોજાયેલ શિક્ષાપત્રી જન્મજયંતી પૂજન મહોત્સવ


શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વસંતપંચમીનું મહત્ત્વ અનેરું છે. કારણ કે આજથી ૧૮૨ વર્ષ પહેલા ૨૧૨ શ્લોકમાં ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ સર્વજીવ હિતાવહ શિક્ષાપત્રીની રચના કરી હતી. આ શિક્ષાપત્રી એટલે સત્શાસ્ત્રોના સાગરજ્ઞાનને ગાગરમાં સમાવતી આચારસંહિતા છે. શિક્ષાપત્રી એટલે અધર્મસર્ગ સામે રક્ષા કરનાર ૨૧૨ આજ્ઞારૂપી આરાનું સુદર્શન ચક્ર છે. આવા અનેક માહાત્મ્યસભર શિક્ષાપત્રીની ૧૮૨મી જન્મજયંતી પ્રસંગે સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ડોંબીવલી (મુંબઈ)ને આંગણે તા. ૧૧-૦૨-૦૮ મહા સુદ - ૫ (વસંતપંચમી)ના પવિત્ર દિવસે મંદિરમાં બિરાજમાન બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજની દિવ્ય સાંનિધ્યમાં અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ઉપસ્થિતિમાં 'શિક્ષાપત્રી જયંતી પૂજન મહોત્સવ'નું શુભ આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૭.૦૦ કલાકે સૌપ્રથમપૂ. સ્વામીએ સંતો-ભક્તોની સાથે શિક્ષાપત્રીનો સંપૂર્ણ પાઠવાંચન કરાવ્યું હતું. ત્યારબાદ જનમંગલ નામાવલીના ઉદ્‌ઘોષ સાથે પુષ્પ-અક્ષત વડે ભગવાન શ્રીહરિના વાઙ્મય સ્વરૂપ સમાન શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારપછી આરતી ઉતારી અને દંડવત્ પ્રણામકરીને સૌ કોઈ છૂટા પડ્યા હતા.

## મલાડ (મુંબઈ)માં યોજાયેલ શિક્ષાપત્રી જન્મજયંતી પૂજન મહોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મલાડ (મુંબઈ)ને આંગણે તા. ૧૧-૦૨-૦૮ મહા સુદ - ૫ (વસંતપંચમી)ના પવિત્ર દિવસે મંદિરમાં બિરાજમાન અર્ચાસ્વરૂપ ભગવાન શ્રીહરિના દિવ્ય સાંનિધ્યમાં મંદિરના કોઠારી સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે 'શિક્ષાપત્રી જયંતી પૂજન મહોત્સવ'નું શુભ આયોજન કરવામાં આવ્યું હતું.

સૌપ્રથમ સંતો-ભક્તોની સાથે શિક્ષાપત્રીનો સંપૂર્ણ પાઠવાંચન કરાવ્યું હતું. ત્યારબાદ જનમંગલ નામાવલીના ઉદ્‌ઘોષ સાથે પુષ્પ-અક્ષત વડે ભગવાન શ્રીહરિના વાઙ્મય સ્વરૂપ સમાન શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારપછી આરતી ઉતારી અને દંડવત્ પ્રણામકરીને અને મહાપ્રસાદ ગ્રહણ કરીને સૌ કોઈ છૂટા પડ્યા હતા.



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સ.ગુ. શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામીના સત્સંગથી રંગાયેલ ગામસારસા (જી. ભરુચ)ને આંગણે યોજાયેલ ભવ્ય

## શ્રીહરિ ચરણારવિંદ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

## તેમજ

## શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ







જેમણે ચાલુ લગ્નમંડપમાંથી ફરતે ફેરે શ્રીજીમહારાજના 'આદિક' શબ્દોના વચનેથી સંસારનો ત્યાગ કરીને અદ્‌ભૂત કાર્ય હતું એવા નંદસંતો પૈકીના **સ.ગુ. શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામીએ** રાજપ્રદેશ વિસ્તારના જે ગામમાં મુમુક્ષુઓને સત્સંગ કરાવીને ભગવાન શ્રીહરિના સુખે સુખીયા કર્યા છે તેવા **સારસા** ગામને આંગણે અનંતકોટી બ્રહ્માંડોના અધિપતિ સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણની** પૂર્ણકૃપાથી તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તેમજ પ.પૂ. ૧૦૮ **શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ભગવાન શ્રીહરિના ચરણારવિંદનો ભવ્ય **'પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તા. **૧૨-૨-૦૮ મહા સુદ - ૬** થી તા. **૧૬-૨-૦૮ મહા સુદ - ૧૦** સુધી રાખવામાં આવ્યું હતું.

આ મહોત્સવ અંતર્ગત સંપ્રદાયના સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા રચિત મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** શાસ્ત્ર કે જે ગ્રંથને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના મસ્તકે લઈને દાદાના દરબારમાંથી લક્ષ્મીવાડી સુધી પધાર્યા અને કહ્યું હતું જે : **'इदम् शास्त्रं सर्वं शास्त्र शिरोमणी'** સર્વે શાસ્ત્રમાં આ ગ્રંથ શિરમોડ સમાન છે. એવા ગ્રંથરાજની પંચાહ પારાયણનું પૂ. **સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** - વડતાલ (હાલ-સરધાર)ના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૨ના રોજ પોથીયાત્રામાં વડતાલથી નાનાલાલજી પ.પૂ. શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. ગામના ભાગોળથી પોથીયાત્રાનો પ્રારંભ થઈને કથાસ્થળે વિરમી હતી. સૌપ્રથમ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીએ દિપપ્રાગટ્ય કરીને મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી દ્વારા ઠાકોરજી, પોથીજી અને વક્તાશ્રીનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીએ મંગળ આશીર્વાદ પાઠવ્યા હતા. અને વક્તાશ્રીએ મંગળાચરણ કરીને કથાનો શુભ કર્યો હતો.

તા. ૧૩ના સાંજે ૯.૦૦ કલાકે સંગીતના સુરો સાથે સભામંચમાં પૂ. વક્તાશ્રીએ કથા અંતર્ગત અને ભગવાન શ્રીહરિના પ્રાગટ્યોત્સવ અતિ ભવ્યતાપૂર્વક વર્ણન કરીને છપૈયાપુરમાં ઉજવાયેલ પ્રાગટ્યોત્સની ઝાંખી આબાલ-વૃદ્ધ હરિભક્તોના અંતરમાં સ્મૃતિપટ કર્યો હતો. ત્યારે સર્વત્ર આનંદ, આનંદ છાઈ રહ્યો અને પછી "રંગ લાગ્યો ઘનશ્યામતારો રંગ લાગ્યો" અને "ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી" ના જયઘોષથી સારાયે સભાખંડમાં જાણે આજે બ્રહ્માંડ નાચતું કુદતું હોય એવું દિવ્ય વાતાવરણ ખડું કર્યું.

તા. ૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે આ મહોત્સવના કળશ ચઢાવવાને માટે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓની ભવ્ય શોભાયાત્રા કાઢીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કથાસ્થળે શોભાયાત્રા વિરમી ત્યારબાદ સભાસ્થાનમાં પૂ. સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામંચમાં પૂ. વક્તાશ્રીએ કથા અંતર્ગત ભગવાન શ્રીહરિનો જેતપુરમાં ગાદિ પટ્ટાભિષેક પ્રસંગ અતિ ધામધુમથી ઉજવ્યો હતો. જાણે કે અત્યારે જ સભામંડપમાં શ્રીજી મહારાજનો પ્રથમગાદી પટ્ટાભિષેક મહોત્સવ ઉજવાઈ રહ્યો હોય એવું દિવ્ય વાતાવરણ ખડું થયું હતું. પ્રસંગને અનુરૂપ કિર્તનો, ઉત્સવીયા હરિભક્તોનો રાસ અને નૃત્યની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યજમાનશ્રીઓ તથા સંતો દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત સહિત કેસર વગેરે સુગંધિત જળોથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ અભિષેક કરવામાં આવ્યો ત્યારે તમામભક્ત સમુદાય ભાવવિભોર બની ગયો હતો. પછી પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા પટ્ટાભિષેક મહોત્સવની આરતી ઉતારવવામાં આવી હતી.

તા. ૧૫ના રોજ સવારે ૭.૦૦ કલાકે શ્રીજીમહારાજના દિગંતમાં પથરાયેલ સોળે ચિહ્ન યુક્ત ચરણારવિંદની સ્મૃતિરૂપે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્‌હસ્તે શાસ્ત્રોક્ત વેદમંત્રોચ્ચાર સાથે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારબાદ સભાસ્થાનમાં પૂ. વક્તાશ્રીએ કથાની પૂર્ણાહુતિ કરી હતી. અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ કોઈ યજમાનશ્રીઓ, સ્વયંસેવકો વગેરે મહોત્સવનો લાભ લઈ રહેલ દરેક ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ કથાકાર

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો

વ્હાલા ભક્તજનો ! ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ** તથા **પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **સરધાર નિવાસી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે નીચે પ્રમાણે કથા-પારાયણોનું આયોજન કરવામાં આવેલ છે. તો જે તે સ્થળના આજુબાજુ વિસ્તારના સર્વે ભક્તજનોને ભગવાનની મૂર્તિના સુખે સુખીયા થવા માટે, ફેશન, વ્યસન અને વહેમથી મુક્ત થવા માટે, પ્રભુપ્રેમમાં મહેકતા થવા અને ભવાટવીના ભટકણ થકી મુક્ત થઈ ભગવાનને ભેટવા માટે અને આપણા જીવનમાં નવ ચેતનાનો સંચાર થાય તે માટે કથા-પારાયણનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

| તારીખ | તીથી | સ્થળ | ફોન.નં. |
|---|---|---|---|
| ૨૩ થી ૨૯ ફેબ્રુઆરી | મહા વદ - ૨ થી ૮ | મુ. ખસ તા. રાણપુર, જી. અમદાવાદ | ૯૮૨૪૮૫૯૨૩૮ |
| ૧૦ થી ૧૮ માર્ચ | ફાગણ સુદ - ૩ થી ૧૨ | મુ. રતનપર, જી. સુરેન્દ્રનગર | ૯૮૨૫૮૩૭૮૩૬ |
| ૨૧ થી ૨૭ એપ્રિલ | ચૈત્ર વદ ૧ થી ૭ | મુ. શેડુભાર, જી. અમરેલી | - |
| ૨૫ થી ૩ એપ્રિલ/મે | ચૈત્ર વદ ૫ થી ૧૩ | મુ. ભાક્ષી ભંડારીયા, તા. સાવરકુંડલા | ૯૮૨૫૦૪૭૫૧૨ |
| ૭ થી ૧૩ મે | વૈશાખ સુદ ૨ થી ૯ | મુ. ઈટવાયા, તા.ઉના, જી. જૂનાગઢ | ૯૯૭૮૩૩૯૫૧૩ |
| ૧૪ થી ૨૦ મે | વૈશાખ સુદ ૧૦ થી ૧૫ | મુ. સુરત (શ્રીજીમંદિર) | ૯૮૭૯૭૫૮૫૧૩ |
| ૨૩ થી ૨૫ મે | વૈશાખ વદ ૩ થી ૫ | મુ. સરધાર, તા.જી. રાજકોટ | ૯૮૭૯૭૫૮૫૦૩ |
| ૨૮ થી ૩ મે/જૂન | વૈશાખ વદ ૮ થી ૩૦ | મુ. અમદાવાદ | ૯૪૨૮૫૯૩૮૫૦ |
| ૭ થી ૧૩ જૂન | જેઠ સુદ ૪ થી ૧૦ | મુ. ડોંબીવલી (મુંબઈ) | ૦૨૫૧ ૨૪૫૩૮૭૫ |

## શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી

**FROM-8**

૧. પ્રકાશન સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

૨. પ્રકાશન સમય :- માસિક - દર મહિનાની ૨૦મી તારીખે

૩. મુદ્રકનું નામ :- શ્રીજી આર્ટ

રાષ્ટ્રીયતા :- હિન્દી

સરનામું :- આશ્રમરોડ, પાલડી - અમદાવાદ

૪. તંત્રીનું નામ :- સાધુ દિવ્યસ્વરૂપદાસજી

રાષ્ટ્રીયતા :- હિન્દી

સરનામું :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

૫. માલિક :- કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી

રાષ્ટ્રીયતા :- હિન્દી

સરનામું :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

હું કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

સહી : કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

## આજે જ જુઓ અને તપાસો. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમપૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો, અને લવાજમપૂરું થાય તે પહેલાં જ આશરે ૪૦ દિવસ પહેલા આપના નજીકના વિસ્તારમાં 'ચિંતન' અંકના ગ્રાહક નોંધણી કરતા કાર્યકર પાસે આપનો ગ્રાહક નંબર આપીને લવાજમભરવું, જેથી 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'નો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર વર્ષે લવાજમભરવાનું યાદ રાખવું પડે તે કરતાં પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમએકસાથે પણ ભરી શકાય છે.

સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

**આ છે આપના અંકના લવાજમ સમાપ્તિની તારીખ**

મુ. રાજકોટ નંબર : 1
ગઢવી પ્રફુલભાઈ જબરદાનભાઈ
૧૦ 'રામપ્રતાપ' ગીતાનગર મેઈન રોડ, રાજકોટ
પીન - ૩૬૦૦૦૨ પોસ્ટીંગ તારીખ : ૨૦-૫-૦૭
**લવાજમ પુરૂ : 10/20/07**

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :-** તા. ૦૨-૦૩-૦૮, મહા વદ -૧૦, રવિવાર સવારે ૯ થી ૧૨

**રાજકોટ :-** તા. ૨૩-૦૨-૦૮, મહા વદ -૨, શનિવાર, રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** મહેન્દ્રભાઈ પાટડીયા મો. ૯૪૨૬૨ ૨૯૫૫૮, કરશનભાઈ ઢાંકેચા મો. ૯૪૨૬૭ ૮૧૧૭૯

## છપાય છે... છપાય છે... છપાય છે... છપાય છે... છપાય છે...

### સં.૨૦૬૫, ઈ.સ. ૨૦૦૮/૯નાં વ્રત-ઉત્સવનો ચૈત્રી પંચાગ નિર્ણય



વ્હાલા ભક્તજનો ! ટૂંકસમયમાં જ સં.૨૦૬૪, ઈ.સ. ૨૦૦૮/૯નાં વ્રત-ઉત્સવનો 'ચૈત્રી પંચાગ નિર્ણય' છપાય છે તો જો આપ તેમાં પોતાનું નામ અથવા કંપની, ઓફિસ, ફેકટરી યા દુકાનું નામ શુભેચ્છક તરીકે આપવા ઈચ્છતા હોય તો તેમણે નીચે જણાવ્યા પ્રમાણે સંપર્ક કરવો.

પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી(વડતાલ) મો. ૯૮૨૫૧૩૪૧૦૮,
પ.ભ. શ્રી નનુમામા - રઘુવીરવાડી(વડતાલ) મો. ૯૮૨૫૨૩૪૩૬૨

ચાલો ભાક્ષી ભંડારીયા... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો ભાક્ષી ભંડારીયા...

શ્રીજીમહારાજ સંતો-ભક્તોની સાથે ભાદરવાથી ગઢપુર જતા રસ્તામાં આવેલ ગામ ભંડારીયા (તા. રાજુલા)માં યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પધરાવેલ શ્રી હનુમાનજી મહારાજના સ્થાપનાની

## ભવ્ય શતામૃત મહોત્સવ



ભગવાન શ્રી સ્વામિનારાયણ





ભંડારીયા શ્રી હનુમાનજી મહારાજ

### શ્રીરામ ચરિત્ર માનસ નવાહ્ન પારાયણ

વક્તા : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર તથા પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - બગસરા

**તારીખ : ૨૫ એપ્રિલ થી ૩ મે-૨૦૦૮**

નિમંત્રક : ભંડારીયા શ્રી હનુમાનજી દેવ મંદિર વતી શ્રી રણછોડભાઈ રમેશભાઈ સાવલીયા (આદસંગ)

**સ્થળ** મુ. ભાક્ષી ભંડારીયા, સાવરકુંડલા-રાજુલા રોડ, થોરડી ગામ પાસે, તા. રાજુલા. જી. અમરેલી. મો. ૯૮૨૫૦ ૪૭૫૧૨



આજે જ આપના ઘરમાં વસાવો... તદ્દન નવું પ્રકાશન



## ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥



સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મહાન સમ્રાટ ગ્રંથ (મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)

પ્રયોજક : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**ભાગ : ૧-૨ પ્રકરણ : ૧ થી ૫**

**પડતર કિંમત : રૂા. ૪૦૦/-**

**સૌજન્ય પ્રાપ્ત થતા વેંચાણ કિંમત** રૂા. ૨૫૦/- (બંને ભાગ સાથે)

**પ્રકાશક :** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧




## વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. વડેરા(જી. અમરેલી) ગામને આંગણે યોજાયેલ નૂતન મંદિરના ખાતમુહૂર્તવિધિ પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત-સામૈયુ કરતા ભક્તજનો. ૨. વડેરામાં ખાતમુહૂર્તવિધિ પ્રસંગમાં પધારેલ ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. વડેરામાં નૂતન મંદિરનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ખાતમુહૂર્ત કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. વરજાંગ જાળિયા (તા. ઉપલેટા)માં યોજાયેલ શાકોત્સવમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા સંતો-ભક્તો. ૫. જાળિયામાં નવનિર્માણ પામી રહેલ મંદિરનું નિરીક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. ગણેશગઢ (તા. સાવરકુંડલા)માં પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીની આજ્ઞાથી નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કરતા પૂ. સ્વામી તથા યજમાનશ્રી. ૭. ગણેશગઢમાં ખાતમુહૂર્તવિધિ પ્રસંગે યોજાયેલ સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી. ૮. સુણાવ (જી. આણંદ)માં યોજાયેલ દેવોના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૯. સુણાવમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે દેવોની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. સુણાવમાં દેવોના વાર્ષિક પાટોત્સવની ઉજવણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૧. ખાંધલી (જી. આણંદ)માં યોજાયેલ સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા સંતો. ૧૨. ઘોરા (તા. ઉમરેઠ)માં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા તેનો લાભ લેતા ભક્તજનો.




## વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧/૨. અમદાવાદમાં બાપુનગર ખાતે યોજાયેલ શાકોત્સવમાં ભોજનાલયમાં ઠાકોરજીની પધરામણી કરતા પૂ. સ્વામી. ૩. અમદાવાદમાં બાપુનગર ખાતે યોજાયેલ શાકોત્સવમાં ભક્તજનોને સત્સંગ કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા સંતો. ૪. કોસંબા (સુરત)માં યોજાયેલ નૂતન મંદિરના ખાતમુહૂર્તવિધિ પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત-સામૈયુ કરતા ભક્તજનો. ૫. કોસંબા (સુરત)માં નૂતન મંદિરનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ખાતમુહૂર્ત કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. કોસંબા (સુરત)માં ખાતમુહૂર્તવિધિ પ્રસંગમાં પધારેલ ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. બીલીમોરા (જી. નવસારી)માં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮/૯. ઘાટકોપર (મુંબઈ)માં યોજાયેલ દ્વિમાસિક સત્સંગ સભા પ્રસંગે નીકળેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા. ૧૦. સત્સંગ સભામાં પોતાની દિવ્ય અમૃતવાણીનો ભક્તજનોને અલૌકિક લ્હાવો આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૧/૧૨. સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીનો લાભ લેતા ઘાટકોપર તેમજ મુંબઈ વિસ્તારના ભાવિક ભક્તજનો.














વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સારસાને આંગને ભવ્ય યોજાયેલ

## શ્રીહરિ ચરણારવિંદ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ

૧. દિપ પ્રાગટ્ય કરીને મહોત્સવનો શુભ કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૨. પોથીજીનું પૂજન કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૩. પૂ. વક્તાશ્રીને પુષ્પમાળામાં પહેરાવીને આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૪/૫. તા. ૧૫ના રોજ ભવ્ય શોભાયાત્રા કાઢીને રાજપ્રદેશના ભક્તો દ્વારા દબદબાભેર પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત. ૬. 'અમે તો આપના ચરણની રજ છીએ' એ ભાવનાની સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીને આવકારતા રાજપ્રદેશના નિષ્ઠાવાન યુવાન સત્સંગીબંધુઓ. ૭. પૂ. વક્તાશ્રીને ભાવથી ભેટતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. સારસા ગામના શ્રી રામજી મંદિર યુવક મંડળ દ્વારા ૪૧ ફૂટના પુષ્પમાળા દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત. ૯. 'જાઉં વદન કમલ પર વારી' કીર્તન સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. કથા-પારાયણ અંતર્ગત ભગવાન શ્રીહરિના ગાદી પટ્ટાભિષેક મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૧. ભગવાન શ્રીહરિના ચરણારવિંદની પ્રાણ પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૨. મંદિરમાં બિરાજમાન ઠાકોરજી સમક્ષ ધરાવવામાં આવેલ અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

છબીકલા : ધનજીભાઈ કેસરી - બગસરા, મો. ૯૪૨૭૭૪૪૦૫૯

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas